
# આત્મધર્મ

માસિક : વર્ષ-૧૩ * અંક-૯ * મે, ૨૦૧૯



# આગમ-મહાસાગરનાં અણમૂલાં રત્નો

● જિસ શાસ્ત્રકી સહાયતાસે પ્રાણી કાર્ય-અકાર્યકા નિશ્ચય કરતા હૈ, કામ ઔર ક્રોધકો નષ્ટ કરતા હૈ, ધર્મકે વિષયમેં દૃઢ શ્રદ્ધાનકો ઉત્પન્ન કરતા હૈ, પાપબુદ્ધિકો દૂર કરતા હૈ, ઇન્દ્રિય વિષયોંસે (ભોગોંસે) વિરક્ત હોતા હૈ. કર્મરૂપ ધૂલિકો નષ્ટ કરતા હૈ, ઔર ચિત્તકો પવિત્ર કરતા હૈ. વિદ્વાન મનુષ્યકો યહાં વ્રતીજનોંકે લિયે ઉસ શાસ્ત્રકા દાન કરના ચાહિયે—જ્ઞાનદાન દેના ચાહિયે. ૧૭૩૫.

(શ્રી અમિતગતિ આચાર્ય, સુભાષિતરત્નસંદોહ, શ્લોક-૪૭૭)

● જે અત્યંત કઠોર છે, દુઃખોનો દૂત છે, પરદ્રવ્ય જનિત છે, અંધારિયા કૂવા સમાન છે, કોઈથી ખસેડી શકાતો નથી એવો મિથ્યાત્વભાવ જીવને અનાદિકાળથી લાગી રહ્યો છે અને એ જ કારણે જીવ, પરદ્રવ્યમાં અહંબુદ્ધિ કરીને અનેક અવસ્થાઓ ધારણ કરે છે. જો કોઈ જીવ કોઈ વખતે મિથ્યાત્વનો અંધકાર નષ્ટ કરે અને પરદ્રવ્યમાંથી મમત્વભાવ ખસેડીને શુદ્ધભાવરૂપ પરિણમન કરે તો તે ભેદવિજ્ઞાન ધારણ કરીને બંધના કારણોને દૂર કરીને પોતાની આત્મશક્તિથી સંસારને જીતી લે છે. અર્થાત્ મુક્ત થઈ જાય છે. ૧૭૩૬.

(શ્રી બનારસીદાસજી, નાટક સમયસાર, કર્તા-કર્મ-ક્રિયાદ્વાર, પદ-૧૧)

● ''આ દેહ મારો છે અને હું દેહનો છું'' આવી દૃઢ શ્રદ્ધાપૂર્વક દેહની સાથે જીવને પ્રીતિ છે અર્થાત્ દેહરૂપ ક્ષેત્ર વિષે ક્ષેત્રીયરૂપે એટલે સ્વામીપણે જ્યાં સુધી જીવ પ્રવર્તી રહ્યો છે ત્યાં સુધી તપના પરમ ફળરૂપ મોક્ષની આશા રાખવી વ્યર્થ છે. દેહ પ્રત્યેની એકત્વભાવના મોક્ષમાર્ગના પ્રવાસીને એક મહાન ઈતિ (—ઉપદ્રવ) સમાન વિઘ્નરૂપ છે. ૧૭૩૭. (શ્રી ગુણભદ્રાચાર્ય, આત્માનુશાસન, ગાથા-૨૪૨)

● અર્હંતાદિકમાં ઉત્કૃષ્ટ ભક્તિ, સર્વ પ્રાણીઓમાં કરુણાભાવ અને પવિત્ર ચારિત્રના અનુષ્ઠાનમાં રાગ (આ બધું) પુણ્યબંધનું કારણ છે. ૧૭૩૮.

(શ્રી અમિતગતિ આચાર્ય, યોગસાર પ્રાભૃત, બંધ અધિકાર, ગાથા-૩૭)

● જો કે અત્યારે આ સંહનન (હાડકાનું બંધન) પરિષહો (ક્ષુધા, તૃષા આદિ) સહન કરી શકતું નથી અને આ દુઃષમા નામના પાંચમા કાળે તીવ્ર તપ પણ સંભવિત નથી તોપણ એ કોઈ ખેદની વાત નથી કેમકે એ અશુભ કર્મોની પીડા છે. અંદર શુદ્ધ ચૈતન્યસ્વરૂપ આત્મામાં મનને સુરક્ષિત કરનાર મને તે કર્મકૃત પીડાથી કાંઈ હાનિ નથી. ૧૭૩૯. (શ્રી પદ્મનંદી આચાર્ય, પદ્મનંદી પંચવિંશતિ, પરમાર્થવિંશતિ, શ્લોક-૧)

વર્ષ–૧૩
અંક–૯




વિ. સંવત
૨૦૭૫
May
A.D. 2019

**૧૩૦મો જન્મ મહોત્સવ**




**૧૩૦મો જન્મ મહોત્સવ**

## ધન્ય અવતાર

હે, પરમ ઉપકારી સદ્ગુરુદેવ,

આપશ્રીનો ધન્ય અવતાર છે. આપની ૧૩૦મી જન્મજયંતી ઉજવતા અમ ભક્તોને ખૂબ જ હર્ષ થાય છે. સમર્થ પૂર્વાચાર્યોના વીતરાગી વૈભવથી ભરપૂર ગ્રંથરત્નોનો વારસો મળવા છતાં, તેના રહસ્ય-વેત્તાના અભાવે, અજ્ઞાન અંધકારની ઘેરી છાંય છવાઈ હતી. આ અવસરે આપનો પુનિત જન્મ થયો. આપે વીતરાગનો વારસો સંભાળ્યો અને સૂક્ષ્મદૃષ્ટિ વડે શ્રુત-સાગરના મંથન કરી અમૃત કાઢ્યા અને ભવ્ય ભાવિકોને પીરસ્યા. ‘‘સંત વિના અંતની વાતનો અંત પમાતો નથી’’ એ સૂત્રની સિદ્ધિ આપમાં દૃષ્ટિગત થતાં આપની સુમધુર અધ્યાત્મરસથી તરબોળ વાણી સુણવા ભારતના ખૂણે ખૂણેથી હજારો મુમુક્ષુઓ આવતા હતા. આપની વાણી દ્વારા તેમને ઉદાર ચિત્તે એ જ્ઞાનગંગાના પાવકજળનું પાન કરાવતા હતા. આપનું શરણ ગ્રહી મુમુક્ષુજનો સનાથ થયા. આપના પરમ ઉપકારને સંભારતા આપના જન્મ જયંતી દિને આપને અમારા ભક્તિપૂર્વક શત શત-વંદન.

ગુરુભક્ત શિરોમણિ પૂજ્ય બહેનશ્રીનાં હૃદય-સાગરમાંથી
ઉછળેલાં ગુરુ-ઉપકાર-મહિમા—પ્રકાશતાં




# અણમૂલા રત્નો

*** અફર વ્યક્તિત્વ ***

ગુરુદેવશ્રીની મુદ્રા પરાક્રમી શૂરવીર સિંહ જેવી, કાયરતાનું કામ નહીં. જે બોલે તે થાય એવું અફર વ્યક્તિત્વ હતું. એમનાં પ્રવચનો તો કેવાં ગાજતાં હતા!

*** સાક્ષાત્ પ્રતિભાસ ***

પૂજ્ય ગુરુદેવશ્રી જ્યારે ચૈતન્યસ્વરૂપનો મહિમા વર્ણવતા અને ચૈતન્ય ચમત્કારની વાત કરતા ત્યારે લોકોને જાણે ખરેખર ચૈતન્ય ચમત્કારનો સાક્ષાત્ પ્રતિભાસ કરતાં હોય તેવું જ લાગે.

*** આળસ ને નિદ્રા ઊડી જાય ***

ગુરુદેવે એટલી સ્પષ્ટ વાત કરીને નિરંતર વાણીનો વરસાદ વરસાવ્યો છે કે જીવોને કાળજામાં ગરી જાય એવો વાણીનો વરસાદ વરસાવ્યો છે. સૂતાને જાગ્રત કર્યા, સામેથી કહેતા જાગરે....જાગ... વારંવાર એકની એક વાત પીરસતા હતા. બીજાની આળસ ને નિદ્રા ઊડી જાય. બધા ટાઈમસર પ્રવચનમાં જતાં, આ તો સમવસરણ હતું.

*** પોતાનો વૈભવ ***

આચાર્યદેવે તેમના શબ્દોથી નિજ વૈભવ દેખાડ્યો, ગુરુદેવે પોતાના વૈભવથી સમયસાર દેખાડ્યું. ગુરુદેવના શબ્દેશબ્દમાં અનંતતા ભરી છે. આત્મામાં અનંતતા ભરી છે. આત્માના એક અંશમાં અનંતતા ભરી છે. ભગવાનની દિવ્યધ્વનિનો પાર પામવો મુશ્કેલ છે. ભગવાનની દિવ્યધ્વનિના શબ્દોમાં અનંતા રહસ્યો છે. ગુરુદેવના સમયસારના અર્થની શક્તિનો પાર પામવો મુશ્કેલ છે. અનંત રહસ્ય છે.

*** મહાપરાક્રમી સિંહ ***

પ્રથમ તો ગુરુદેવશ્રી સિંહ જેવા લાગતા, તેમના રૂમમાં બેઠા હોય, વાંચતા હોય તો જાણે કોઈ મહાપરાક્રમી સિંહ બેઠો હોય તેવું તેમનું તેજ દીપતું હતું. તપતું હતું. એમની સામે જોઈ શકીએ કે પાસે જઈ શકીએ તેટલી હિંમત જ ચાલતી નહીં. બહેનો તો તેમની રૂમમાં પગ પણ ન મૂકી શકે.

*** દિવ્યધ્વનિ છૂટતી હોય તેવા પ્રવચનો ***

અહો ! પૂજ્ય ગુરુદેવશ્રી વ્યાખ્યાનમાં કેટલું કહે છે ! તેમની વાણીનો આવો

ધોધ ! ઝીણામાં ઝીણી વાત પણ કેટલા રસથી કહેલી ! હોંશથી કહે છે. શાસ્ત્રના કેટલા સૂક્ષ્મ ન્યાયો કાઢે છે અને પછી એમ પણ કહે છે કે આનો અર્થ ગણધરદેવ કરતા હશે અને શ્રુતકેવળી ઝીલતા હશે તે ધન્ય છે ! દિવ્યધ્વનિ છૂટતી હોય તેવાં વ્યાખ્યાનો આવે છે. ગુરુદેવની વાણી સાંભળીને (બીજાની) પરીક્ષા થઈ જાય છે. જે શ્રવણ કરે તેને વિચારે તો માર્ગ ચોખ્ખો થઈ જાય છે.

### * ''આહાહા''...ની ગંભીરતા *

પૂજ્ય ગુરુદેવ અદ્‌ભુત પ્રભાવશાળી હતા. તેમના કાળમાં બધા જાતજાતનાં સાધનો નીકળ્યાં. ધવલના શાસ્ત્રો પણ તેમની હાજરીમાં બહાર આવ્યા. ફિલ્મ, ટેપરેકોર્ડર, વીડિયો-ટેઈપમાં જાણે સાક્ષાત્‌ જેવું જ લાગે છે. પ્રત્યક્ષ-સાક્ષાત્‌ બિરાજતા હતા તેની તો વાત જ જુદી ! જેણે સાક્ષાત્‌ સીધી વાણી સાંભળી છે તેને ખ્યાલ આવે છે કે આવી વાણી હતી. એમને વ્યાખ્યાનમાં એટલો આનંદ આવતો હતો કે સાંભળનાર છક થઈ જતા હતા. આહાહા....ની ગંભીરતા તથા પ્રમોદ તો તેમની મુદ્રામાં દેખાતા હતા.

### * ચૈતન્યની હૂંફવાળું જીવન *

દુનિયામાં બધા ક્યાં પડ્યા હતાં ! હરવા-ફરવામાં, મોજ-શોખમાં આનંદ માનતા હતાં, તે બધાનું સ્થૂળ જીવન ગુરુદેવે બધાને ચૈતન્યની હૂંફવાળા જીવન બનાવી દીધા. જીવનમાં દેવ-શાસ્ત્ર-ગુરુની સમીપતા હોય તે હૃદયમાં હોય તે લાભરૂપ છે. તેમાં આત્માની હૂંફ સમાયેલી છે.

### * બધી નિધિ મળી *

ગુરુદેવની વાણીની કેટલી ટેપો છે ! વાણી આબેહૂબ રહી ગઈ. નિધિ પામીને હવે બધી નિધિ મળી. તું એકાંત સ્થાનમાં રહી સાધના કર. ગુરુદેવ પાસેથી મળ્યું છે તેની પ્રાપ્તિ કરવાનો તું પુરુષાર્થ કર. ગુરુ જેમ શિષ્યને નિધિ આપે તેમ ગુરુદેવે આપી છે. હવે પ્રાપ્ત કરવું તારા હાથની વાત છે. ટેપ સાંભળતાં ગુરુદેવ જ છે એમ લાગે છે. શબ્દો ગૂંજી રહ્યા છે. હવે લેવાનું શું બાકી છે ? એક આત્મા લેવાનો બાકી છે (સોનગઢ) પાવન થયેલી ભૂમિ છે.

### * અંતરના તળને સ્પર્શતી વાણી *

પૂજ્ય ગુરુદેવશ્રીનાં પ્રવચન અને તર્કસંગત ન્યાય એટલા બધા રસકસથી ભરપૂર કે તે સિવાય બીજું તદ્દન ફીકું ફીકું જ લાગે એટલે મને અંદરથી બીજે ક્યાંય રસ પડતો જ નહીં. આમાં જ જીવન વણાઈ જાય. પૂજ્ય ગુરુદેવશ્રીની અંતરના તળને સ્પર્શતી વાણી બીજે ક્યાંથી હોય–? તેમના ભાવો પણ જાણે જુદા જ લાગે. એકની

એક ગાથા પણ જ્યારે સાંભળીએ ત્યારે નવા નવા ભાવ. નવી નવી સ્પષ્ટતા જ નીકળ્યા કરે.

**✻ જગતનું આશ્ચર્ય ✻**

પૂજ્ય ગુરુદેવે એવો માર્ગ બતાવ્યો કે મતમતાંતર આડા ન આવે. બધું કહીને ગયા છે. જગતનું આશ્ચર્ય આત્મા છે. જિનેન્દ્ર ભગવાન આશ્ચર્યકારી છે. ને ગુરુદેવ પણ આશ્ચર્યકારી હતા. એમનો અતિશય એવો હતો કે જ્યા એમના પગલાં થતાં ત્યાં બધું સવળું થઈ જાય. ભગવાન વિહાર કરે ત્યારે કાંટા આડા થઈ જાય. યોજનો સુધી રોગ ન થાય, વેર-વિરોધ ભૂલી જાય, તેમ પંચમકાળમાં ગુરુદેવનું તીર્થંકરનું દ્રવ્ય આશ્ચર્યકારી હતું. એમની હાજરીમાં જે થયું તે આશ્ચર્યકારી થયું છે.

**✻ દ્રવ્યદૃષ્ટિ ✻**

ગુરુદેવ દ્રવ્યદૃષ્ટિને ખૂબ ઓપ આપતા. દ્રવ્યદૃષ્ટિને ઓપ દીધા વગર જીવોના ક્રિયાકાંડ છૂટતા નથી. તેના વિના ભ્રમ તૂટે નહીં. તું શુદ્ધ છો. રાગ તારામાં નથી. તેમ જોરથી કીધા વિના ફડચા ન પડે. ભેદજ્ઞાન ન થાય. એમને તો પોતાના અંદરથી આવતું હતું તે કહેતા હતા. તેના વિના જીવને ભેદજ્ઞાન થાય નહીં.

**✻ જાણે જીવંત મૂર્તિ ✻**

આ તો હજુ સાક્ષાત્ બોલતું તીર્થ છે. ગુરુદેવની વાણી ટેપમાં ગુંજી રહી છે. તીર્થોમાં જાય છે ત્યાં બીજું શું હોય છે ! અહીં તો ગુરુદેવની વાણીના ગુંજારવ તાજા છે, વાણીના પડઘા પડી રહ્યા છે, તેમનાં પગલાંનાં સ્મરણો તાજાં છે. જાણે જીવંત મૂર્તિ સાક્ષાત્ બિરાજી રહી હોય ! એવું હજું હૃદયમાં લાગે છે. જો હૃદયને પલટાવી નાખીએ તો ગુરુદેવ વિહારમાં ગયા છે એમ લાગે, આ પંચમકાળમાં આ ભરતક્ષેત્રમાં આવા મહાપુરુષ ક્યાંથી ! ગુરુદેવ ગયા તે તો મોટી વાત થઈ ગઈ છે. ગુરુદેવ જેવું કોઈ છે જ નહીં.

**✻ સૌરાષ્ટ્રનો ગાજતો સિંહ ✻**

સૌરાષ્ટ્રનો ગાજતો સિંહ, તેના જેવું કોઈ ન હતું. વ્યાખ્યાનની રેલમછેલ કરતા હતા. અહીં સોનગઢના એક ખૂણામાં હીરાચંદભાઈના બંગલે પરિવર્તન કર્યું, શરૂઆતમાં થોડા માણસો વ્યાખ્યાનમાં આવતા હતા. પછી તો બધાને થયું કે ગુરુદેવે જે કર્યું છે તે સાચું જ કર્યું છે. એટલે ગુરુદેવની પાછળ ટોળેટોળાં આવવા લાગ્યા. આ પંચમકાળમાં જેણે ગુરુદેવની વાણી સાંભળી તે ભાગ્યશાળી અને ગુરુદેવે આ પંચમકાળમાં પધારી જીવોને ભાગ્યશાળી બનાવ્યા હતા.



# શ્રી સમયસારજી શાસ્ત્ર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચન




## ધર્માત્માનું સ્વરૂપ-સંચેતન

જે અનાદિથી અત્યંત અપ્રતિબુદ્ધ હતો, ને વિરક્ત જ્ઞાની ગુરુ વડે નિરંતર પરમ અનુગ્રહપૂર્વક શુદ્ધ આત્માનું સ્વરૂપ સમજાવવામાં આવતાં પરમ ઉદ્યમ વડે સમજીને જે જ્ઞાની થયો. તે શિષ્ય પોતાના આત્માનો કેવો અનુભવ કરે છે તેનું આ વર્ણન છે; તેમાં તે પવિત્રાત્મા ગુરુના ઉપકારને ભૂલતો નથી. ગુરુ નિરંતર સમજાવે છે એમ કહીને શિષ્યમાં નિરંતર સમજવાની જે ધગશ અને પાત્રતા છે તે પણ સૂચવ્યા છે.

હું એક શુદ્ધ સદા અરૂપી જ્ઞાનદર્શનમય ખરે,
કંઈ અન્ય તે મારું જરી પરમાણુમાત્ર નથી અરે ! ૩૮.

જેવું આત્માનું સ્વરૂપ છે તેવું ગુરુના ઉપદેશથી જાણીને અનુભવ્યું તે અનુભવ કેવો થયો ? તેનું વર્ણન કરતાં શિષ્ય કહે છે કે—પહેલાં તો અનાદિથી મોહરૂપ અજ્ઞાનથી અત્યંત અપ્રતિબુદ્ધ હતો, તદ્દન અજ્ઞાની હતો. પછી વિરક્ત ગુરુઓએ પરમકૃપા કરીને મને નિરંતર આત્માનું સ્વરૂપ સમજાવ્યું. જેમણે પોતે આત્માના આનંદનો અનુભવ કર્યો છે...જેઓનો સંસાર શાંત થઈ ગયો છે... જેઓ શાંત થઈને અંતરમાં ઠરી ગયા છે.... એવા પરમ વૈરાગી વિરક્ત ગુરુએ મહા અનુગ્રહ કરીને શુદ્ધઆત્મસ્વરૂપ મને વારંવાર સમજાવ્યું. જે સમજવાની મને નિરંતર ધૂન હતી તે જ ગુરુએ સમજાવ્યું.

શ્રીગુરુએ અનુગ્રહ કરીને જેવો મારો સ્વભાવ કહ્યો તેવો ઝીલીને મેં વારંવાર તે સમજવાનો ઉદ્યમ કર્યો... ‘અહો હું તો જ્ઞાન છું, આનંદ જ મારો સ્વભાવ છે’ એમ મારા ગુરુએ મને કહ્યું. તે મેં સર્વ પ્રકારના ઉદ્યમથી અંતર્મંથન કરીને નિર્ણય કર્યો....મારો ઉદ્યમ થતાં કાળલબ્ધિ પણ ભેગી જ આવી ગઈ....કર્મો પણ ખસી ગયા....સર્વ પ્રકારના ઉદ્યમથી સાવધાન થઈને હું મારું સ્વરૂપ સમજ્યો. હું મારું શુદ્ધસ્વરૂપ જેવું સમજ્યો તેવું જ સર્વજ્ઞ પરમાત્માએ અને શ્રીગુરુએ મને કહ્યું હતું; આ રીતે દેવ-ગુરુ-શાસ્ત્રોએ શું સ્વરૂપ સમજાવ્યું તેનો પણ યથાર્થ નિર્ણય થયો.

**પુણ્યે પામે સ્વર્ગ જીવ, પાપે નરકનિવાસ;**
**બે તજી જાણે આત્માને, તે પામે શિવવાસ. ૩૨. —શ્રી યોગસાર**

ભેદજ્ઞાન થતાં ઉપયોગે પોતાના આત્માને જ પોતામાં ધારણ કર્યો, એ સિવાય સમસ્ત રાગાદિ અન્ય ભાવોને પોતાથી જુદા જાણીને ભિન્નતા કરી. દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપે પરિણમેલો તે ઉપયોગ પોતાના આત્માના આનંદબગીચામાં જ કેલિ કરે છે. આત્મા પોતે આનંદનો બગીચો છે, તેમાં ધર્મીનો ઉપયોગ રમે છે.

ભેદજ્ઞાન થતાં આત્માનો અનુભવ થયો. એટલે મોહનો નાશ થયો, ને જ્ઞાનપ્રકાશ પ્રગટ થયો. પહેલાં હું અજ્ઞાની હતો ને હવે હું જ્ઞાની થયો—એમ બંને દશામાં સળંગ ધ્રુવતા રહી, આ રીતે ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય સમાઈ જાય છે.

ભેદજ્ઞાન થયું ત્યારે જીવને ભાન થયું કે—અરે, અજ્ઞાનથી મોહિત હતો તે દશા તો ઉન્મત્ત જેવી હતી. ઉન્મત્તની માફક જડરૂપે (શરીરરૂપે) પોતાને માનતો, પણ વિરક્ત નિર્મોહી આત્મજ્ઞ ગુરુઓએ મને નિરંતર મારું સ્વરૂપ સમજાવીને ભેદજ્ઞાન કરાવ્યું.

અહીં 'ગુરુએ નિરંતર સમજાવ્યું' એમ કહ્યું તેમાં ખરેખર તો એવો આશય છે કે શ્રી ગુરુએ જેવું પરભાવથી ભિન્ન એકરૂપ આત્મસ્વરૂપ ચૈતન્યચિહ્નથી બતાવ્યું તેવું બરાબર લક્ષમાં લઈને, બીજેથી રુચિ હઠાવીને શિષ્યે પોતે નિરંતર અંતર્મુખ અભ્યાસ કરીને અનુભવ કર્યો; ગુરુએ જેવો કહ્યો તેવો આત્મા નિરંતર અભ્યાસ વડે અનુભવમાં લીધો, ત્યાં ઉપકારબુદ્ધિથી તે શિષ્ય કહે છે કે અહો ! મારા ગુરુએ મારા ઉપર મહાન પ્રસન્નતા કરીને મને નિરંતર મારો આત્મા સમજાવ્યો. ગુરુ નિરંતર એના હૃદયમાં વસે છે. એટલે ગુરુ નિરંતર તેને સમજાવી જ રહ્યા છે. 'નિરંતર સમજાવવાનું' કહીને શિષ્યમાં નિરંતર સમજવાની ઉગ્ર ધગશ કેવી છે તે બતાવ્યું છે. વચ્ચે ભંગ પડ્યા વગર નિરંતર અનુભવ માટે ઉદ્યમ કરે છે—એવી શિષ્યની તૈયારી છે. ત્યાં નિમિત્ત તરીકે શ્રીગુરુ પણ નિરંતર સમજાવે છે એમ કહ્યું. ઉપદેશની ભાષા ભલે નિરંતર ન હોય, પણ તે ઉપદેશમાં જે ભાવ બતાવ્યો—જે શુદ્ધાત્મા બતાવ્યો, તે શિષ્યના અંતરમાં નિરંતર વર્તે છે એટલે તેને તો નિરંતર ગુરુ સમજાવી જ રહ્યા છે. આહા ! જુઓ, આ આત્મઅનુભવને માટે શિષ્યનો ઉમંગ ! ને શિષ્યની તૈયારી ! 'નિરંતર' કહીને શિષ્યની ઉગ્ર પાત્રતા સૂચવી છે. અને સાથે ગુરુનો ઉપકાર બતાવવા માટે 'ગુરુએ જ નિરંતર સમજાવ્યું' એમ કહ્યું છે આ રીતે અલૌકિક સંધિ છે. ઉપાદાન-નિમિત્તનો સુમેળ છે. નિરંતર ઉદ્યમ કરીને એટલે મોટો પ્રયત્ન કરીને શુદ્ધાત્મા સમજવા માટે ઉપાદાન જાગ્યું ત્યાં તે સમજાવનારું નિમિત્ત પણ નિરંતર છે, અહો, આવા શુદ્ધાત્માના અનુભવનો આ અવસર છે....અનુભવની સોનેરી ઘડી છે.

**વ્રત-તપ-સંયમ-શીલ જે, તે સઘળાં વ્યવહાર;**
**શિવકારણ જીવ એક છે, ત્રિલોકનો જે સાર. ૩૩. –શ્રી યોગસાર**

આત્માનો અનુભવ કરનાર ધર્મી કહે છે કે જેમ પોતાની મૂઠીમાં રાખેલું સોનું ભૂલી ગયો હોય ને ફરી યાદ કરે. તેમ મારા પરમેશ્વરસ્વરૂપ આત્માને હું ભૂલી ગયો હતો. તેનું હવે મને ભાન થયું, મારામાં જ મારા પરમેશ્વર આત્માને મેં દેખ્યો.... અનાદિથી મારા આવા આત્માને હું ભૂલી ગયો હતો, મને કોઈ બીજાએ ભૂલાવ્યો ન હતો, પણ મારા અજ્ઞાનને લીધે હું જ ભૂલી ગયો હતો, મારા આત્માનો મહિમા ચૂકીને હું સંયોગનો મહિમા કરતો, તેથી હું મારા આત્માને ભૂલી ગયો હતો, પણ શ્રીગુરુના અનુગ્રહપૂર્વક ઉપદેશથી સર્વ પ્રકારના ઉદ્યમવડે મને મારા પરમેશ્વર આત્માનું ભાન થયું. શ્રીગુરુએ જેવો આત્મા કહ્યો હતો તેવો હવે મેં જાણ્યો.

તે પ્રમાણે જ્ઞાનસ્વરૂપ પરમેશ્વર આત્માને જાણીને, તેની શ્રદ્ધા કરીને તથા તેનું આચરણ કરીને હું સમ્યક્ પ્રકારે એક આત્મારામ થયો. આત્માના અનુભવથી તૃપ્ત આત્મારામ થયો. હવે હું મારા આત્માને કેવો અનુભવું છું ?-

‘હું એક શુદ્ધ સદા અરૂપી જ્ઞાનદર્શનમય ખરે,
કંઈ અન્ય તે મારું જરી પરમાણુમાત્ર નથી અરે !’

સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપે પરિણમેલો હું મારા આત્માને આવો અનુભવું છું એક આત્મા જ મારો આરામ છે એક આત્મા જ મારા આનંદનું ધામ છે. ..આત્માના શ્રદ્ધા-જ્ઞાન-આચરણ કરીને હું સમ્યક્ પ્રકારે આત્મારામ થયો છું....હવે જ હું ખરેખરો આત્મા થયો છું....મારા આત્માને હવે હું એવો અનુભવું છું કે—

‘હું મારા જ અનુભવથી પ્રત્યક્ષ જણાઉં એવો ચૈતન્યમાત્ર જ્યોતિ આત્મા છું, રાગથી ઈન્દ્રિયોથી મારું સ્વસંવેદન થતું નથી. ચૈતન્યમાત્ર સ્વસંવેદનથી જ હું પ્રત્યક્ષ થાઉં છું. મારા મતિશ્રુતજ્ઞાનને અંતરમાં એકાગ્ર કરીને હું મારું સ્વસંવેદન પ્રત્યક્ષ કરું છું.’

મારા મતિશ્રુતજ્ઞાનને ઈન્દ્રિયોથી તે રાગથી ભિન્ન કરીને સ્વસંવેદન પ્રત્યક્ષવડે હું મારો અનુભવ કરું છું. આ રીતે સ્વસંવેદન પ્રત્યક્ષમાં આવતો હું છું અંતર્મુખ અનુભવથી જે પ્રત્યક્ષ થયો તે જ હું છું. મારા સ્વસંવેદનમાં બીજું બધું બહાર રહી જાય છે તે હું નથી, સ્વસંવેદનમાં ચૈતન્યમાત્ર આત્મા પ્રત્યક્ષ થયો તે જ હું છું. (ક્રમશઃ)

❋

આત્મભાવથી આત્મને, જાણે તજી પરભાવ;
જિનવર ભાખે જીવ તે, અવિચળ શિવપુર જાય. ૩૪. –શ્રી યોગસાર



# વૈરાગ્ય–ભાવના

(શ્રી કાર્તિકેયાનુપ્રેક્ષા ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનાં પ્રવચન)

**जीवो वि हवइ पावं, अइतिव्वकसायपरिणदो णिच्चं।**
**जीवो हवेइ पुण्णं, उवसमभावेण संजुत्तो ॥१९०॥**

અર્થ :—જ્યારે આ જીવ, અતિ તીવ્ર કષાયયુક્ત થાય ત્યારે તે પોતે જ પાપરૂપ થાય છે તથા ઉપશમભાવ—મંદ કષાય—યુક્ત થાય ત્યારે તે પોતે જ પુણ્યરૂપ થાય છે.

ભાવાર્થ :—ક્રોધ-માન-માયા-લોભના અતિ તીવ્રપણાથી તો પાપપરિણામ થાય છે તથા તેના મંદપણાથી પુણ્યપરિણામ થાય છે; તે પરિણામો સહિત (જીવને) પુણ્યજીવ તથા પાપજીવ કહીએ છીએ. વળી એક જ જીવ બંને પરિણામયુક્ત થતાં પુણ્યજીવ–પાપજીવ પણ કહીએ છીએ. સિદ્ધાંતની અપેક્ષાએ તો એમ જ છે. કારણ કે સમ્યક્ત્વ સહિત જીવને તો તીવ્ર કષાયની જડ (મિથ્યાશ્રદ્ધાન) કપાવાથી પુણ્યજીવ કહીએ છીએ તથા મિથ્યાદૃષ્ટિ જીવને ભેદજ્ઞાન વિના કષાયોની જડ કપાતી નથી તેથી બહારથી કદાચિત્ ઉપશમપરિણામ પણ દેખાય તો પણ તેને પાપજીવ જ કહીએ છીએ–એમ જાણવું.

જીવને કર્મના ઉદયથી પુણ્ય-પાપ થાય છે–એમ નથી પરંતુ જીવ પોતે જ પુણ્ય અથવા પાપભાવરૂપ પરિણમિત થાય છે. પૂરેપૂરું જીવતત્ત્વ કાંઈ પાપરૂપ નથી થઈ જતું પરંતુ પર્યાયમાં જીવ પોતે પાપરૂપ થાય છે. ખોટો અભિપ્રાય અને તીવ્રકષાયભાવથી જીવ સ્વયં પાપરૂપ થાય છે અને મંદકષાયથી જીવ સ્વયં પુણ્યરૂપ થાય છે. જડકર્મમાં પુણ્ય-પાપ છે. તેની વાત અહીં નથી, તે તો જીવથી અલગ છે, અહીંયા તો જીવના ભાવની વાત છે. જીવના ભાવને જીવ પોતે જ કરે છે, તે પુણ્ય-પાપ ક્ષણ પૂરતા છે, તેનાથી રહિત ચિદાનંદસ્વભાવનું ભાન કરીને તેમાં એકાગ્ર થવાથી તે પુણ્ય-પાપનો નાશ થઈ જાય છે અને પૂર્ણ પરમાર્થદશા પ્રગટ થાય છે.

જેમ નાની એવી લીંડીપીપરમાં ચોસઠ પહોરી તીખાશ ભરી છે તે તેમાંથી પ્રગટ થાય છે, તેમ આત્માની શક્તિમાં કેવળજ્ઞાન ભરેલું છે, તેની પ્રતીતિ કરીને તેમાં લીન થવાવાળાને કેવળજ્ઞાન પ્રગટ થાય છે. ક્ષણિક પાપ અથવા પુણ્યભાવના સમયે પણ સંપૂર્ણ

**ષડ્ દ્રવ્યો જિન-ઉક્ત જે, પદાર્થ નવ જે તત્ત્વ;**
**ભાખ્યાં તે વ્યવહારથી, જાણો કરી પ્રયત્ન. ૩૫. –શ્રી યોગસાર**

આત્મા, પુણ્ય-પાપરૂપ થઈ જાય તો તે પુણ્ય-પાપનો અભાવ થઈને વીતરાગદશા શેમાંથી આવશે ? અહીંયા પર્યાયની વાત છે, પર્યાયમાં આત્મા સ્વયં પુણ્ય-પાપરૂપ થાય છે.

કર્મના ફળના સમયે પણ આ જીવ પોતે જેવા હર્ષ-શોકના ભાવ કરે છે, તેવા થાય છે, કર્મ કાંઈ કરાવતું નથી. પોતે દોષ કરીને બીજાના ઉપર આરોપ આપવો—એવી અનાદિની ટેવ પડી છે, માટે અજ્ઞાની કહે છે કે કર્મ મને વિકાર કરાવે છે. અરે ભાઈ ! બાહ્ય સંયોગ ભલે ઓછા-વત્તા હોય પણ તું શા માટે તેમાં હર્ષ-શોક કરે છે ? જે જીવને તીવ્રકષાય છે, તેને પાપજીવ કહીએ છીએ, જેને મંદકષાય હોય તેને પુણ્યશાળી જીવ કહીએ અને બંને પરિણામ સહિત હોય તેને પુણ્ય-પાપ જીવ કહે છે.

સિદ્ધાંતની અપેક્ષાએ તો આમ જ છે. કેમકે સમ્યક્ત્વ સહિત જીવને તો તીવ્રકષાયનું મૂળ એવી મિથ્યાશ્રદ્ધાનો અભાવ હોવાથી તેને પુણ્યજીવ કહે છે તથા મિથ્યાદૃષ્ટિ જીવને ભેદજ્ઞાન વગર કષાયની જડ નાશ પામતી નથી, એટલે કદાચ બહારથી ઉપશમ પરિણામ દેખાય તોપણ તેને પાપજીવ જ કહે છે—એમ સમજવું જોઈએ.

જેના અંતરમાં ચૈતન્યસ્વભાવનું ભાન થયું છે, તેને અનંતાનુબંધી કષાય તો હોતી જ નથી. તેને તીવ્ર કષાયના મૂળનો અભાવ થઈ ગયો છે. આહાહા ! હું તો દેહદેવળમાં બિરાજમાન ચૈતન્ય ભગવાન છું. આ વિકાર મારું સ્વરૂપ નથી—એમ આઠ વર્ષના બાળકને અથવા તો દેડકાને પણ ભાન હોય છે, તે જીવોને તો પુણ્યજીવ કહે છે. જુઓ ! ભગવાનના સમવસરણમાં એક નાનકડું દેડકું પણ આત્માનું ભાન કરે છે. તેને પણ સમ્યગ્દર્શનની અપેક્ષાએ પુણ્યજીવ કહેવામાં આવે છે. તેને ઊંધી માન્યતાનો તીવ્રભાવ નાશ પામ્યો છે અને અનંતાનુબંધી કષાય પણ નાશ પામ્યો છે માટે તે પુણ્યજીવ છે.

મિથ્યાત્વ જ મોટામાં મોટું પાપ છે. જેને સમ્યગ્દર્શન થયું અને પવિત્રતા પ્રગટ થઈ, તેને મિથ્યાત્વનું પાપ તો થતું જ નથી, અનંતાનુબંધીની તીવ્ર કષાય પણ નથી હોતી; માટે આ પુણ્યજીવ છે. પુણ્યના સંયોગ ઘણા વધારે હોય પણ આત્માનું ભાન કરે નહીં તો તે પાપજીવ છે. જે આત્મા નિજસ્વભાવનો અનાદર કરીને પરવસ્તુથી પોતાને સુખી માને તે જીવ મહાપાપી છે. અંદર મહાચૈતન્યનિધિ પ્રગટ છે તેનો આદર કરતો નથી અને જડમાં સુખ માને છે, તે જીવને બાહ્યમાં ભલે લક્ષ્મીનો ઢગલો હોય તોપણ તેને ભગવાન પાપી કહે છે અને દેહથી ભિન્ન ચિદાનંદસ્વભાવનું ભાન કરવાવાળો નાનકડો દેડકો હોય

**શેષ અચેતન સર્વ છે, જીવ સચેતન સાર;**
**જાણી જેને મુનિવરો, શીઘ્ર લહે ભવપાર. ૩૬. –શ્રી યોગસાર**

તોપણ તે પુણ્યજીવ છે, તે જીવ થોડા જ કાળમાં મોક્ષ પ્રાપ્ત કરી લેશે.

અમને શુભાશુભભાવથી લાભ થશે, શરીરની ક્રિયાથી ધર્મ થશે—એમ માનવાવાળો જીવ પણ પાપી છે. જેને અંદરમાં પરથી ભિન્ન ચૈતન્યનું ભાન નથી, તેને ભેદજ્ઞાન વિના પાપની જડ નાશ પામતી નથી, માટે તે પાપજીવ છે. તે ભલે મોટો રાજા હોય, પરંતુ તેને પરથી ભિન્ન ચૈતન્યનું ભાન નથી, માટે તેને પાપનું મૂળ—મિથ્યાત્વ હયાત છે માટે તે પાપજીવ છે. ભેદજ્ઞાન વગર પાપનું મૂળ નાશ પામતું નથી. ભલે તેવા જીવને મંદકષાય અને શુભભાવ હોય તો પણ પરમાર્થથી તેને પાપજીવ કહેવામાં આવ્યું છે. ક્રોધાદિભાવ ઓછો દેખાય પણ અંદરમાં કષાયરહિત ચિદાનંદસ્વભાવનું ભાન જેને નથી તે મિથ્યાદૃષ્ટિ પાપજીવ છે. મારો આત્મા દેહ અને રાગથી ભિન્ન ચિદાનંદમૂર્તિ છે—એવા ભાનથી ધર્મી જીવને કષાયનું મૂળ કપાઈ ગયું છે, તે પુણ્યજીવ છે.

સાતમી નરકમાં નરકમાં પડેલો નારકી જીવ પણ આ આત્માનું ભાન કરે છે તો તે પુણ્યજીવ છે અને સ્વર્ગમાં રહેવાવાળો મિથ્યાદૃષ્ટિ જીવ પાપી છે. નિર્ધનતા તે કોઈ અપરાધ નથી અને ધનવાન તે કોઈ ગુણ નથી. ગરીબ હોવા છતાં પણ જેને એવું ભાન છે કે હું તો ચૈતન્યનિધિનો સ્વામી છું, કેવળજ્ઞાનની અનંત નિધિઓ મારામાં પડી છે, મારું સુખ જડના સંયોગમાં નથી—એવા ધર્મી જીવને ભગવાન પુણ્યજીવ કહે છે. બહારમાં ભલે ને ગરીબની કોઈ ઈજ્જત ન હોય, ધનવાનનો આદર કરતા હોય પરંતુ તેથી ધર્મીજીવને દીનતા અને અભિમાન થતું નથી. ધર્મી તો જાણે છે કે બાહ્યમાં ધનવાન અથવા નિર્ધનતા મારું સ્વરૂપ નથી. હું તો આત્મા છું—એવા ભાનમાં ધર્મી જીવ નિર્ધન હોય તોપણ ભગવાન તેને પુણ્યજીવ કહે છે. અને જે જીવ મિથ્યાશ્રદ્ધાનું સેવન કરે છે તે જીવ ભલે બાહ્યમાં ધનવાન હોય તોપણ તેને પાપજીવ કહે છે. જુઓ, સંયોગથી માપ નથી પરંતુ અંતરમાં સમ્યક્શ્રદ્ધા અને મિથ્યાશ્રદ્ધા છે, તેમાં જ બધું માપ છે. ભેદજ્ઞાની ધર્માત્મા જીવને પુણ્યવંત કહેવામાં આવ્યા છે અને મિથ્યાદૃષ્ટિ જીવોને પાપી કહેવામાં આવ્યા છે.

જેમને પરથી ભેદજ્ઞાન નથી—એવા પાપી જીવોની સંખ્યા જગતમાં વધારે છે. જગતમાં મિથ્યાદૃષ્ટિ જીવ અનંત છે; નિગોદમાં અનંત જીવ પડ્યા છે અને મનુષ્ય થઈને પણ જે આત્માની ગરજ કરતા નથી અને તત્ત્વનો વિરોધ કરે છે, તે મિથ્યાદૃષ્ટિ જીવ,

(જુઓ અનુસંધાન પેજ નં. ૧૬ ઉપર)

**જો શુદ્ધાતમ અનુભવો, તજી સકલ વ્યવહાર;**
**જિનપ્રભુજી એમ જ ભણે, શીઘ્ર થશો ભવપાર. ૩૭. –શ્રી યોગસાર**

# શ્રી ઈષ્ટોપદેશ ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચન

## દેવ-શાસ્ત્ર-ગુરુની ભક્તિનો વિકલ્પ સાથે હોય ખરો, તોપણ એક માત્ર કર્તવ્ય : નિજ આત્મભક્તિ

આ ઈષ્ટોપદેશનો બીજો શ્લોક ચાલે છે. તેમાં મોક્ષપાહુડની ૨૪મી ગાથાનો આધાર આપે છે કે :—

अइसोहणजोएणं सुद्धं हेमं हवेइ जह तह य ।
कालाईलद्धिए अप्पा परमप्पओ हवदि ।।२४।। (मोक्षपाहुड)

જેમ સુવર્ણપાષાણ તેને શુદ્ધ કરવાની સામગ્રીના યોગથી તે શુદ્ધ સુવર્ણ થઈ જાય છે તેમ કાળાદિ લબ્ધિ-દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવરૂપ સામગ્રીની પ્રાપ્તિથી આત્મા શુદ્ધ પરમાત્મા થઈ જાય છે. યોગ્ય ઉપાદાનના કારણ સંયોગથી—એમ ઈષ્ટોપદેશના ચાલતા શ્લોકમાં પણ આવ્યું ને અહીં આધારના શ્લોકમાં પણ સામગ્રીના યોગથી એમ આવ્યું. સંયોગના ત્રણ પ્રકાર છે. આત્મામાં પરદ્રવ્યનો સંયોગ તેને પણ સંયોગ કહે છે. આત્મામાં થતા પુણ્ય-પાપના ભાવને પણ સંયોગીભાવ કહેવામાં આવે છે તથા આત્માને શુદ્ધ સ્વરૂપની અંતરમુખ દૃષ્ટિ કરતાં જે નિર્મળ પર્યાયનું પ્રગટપણું થાય છે તેને પણ સંયોગ કહેવાય છે. વસ્તુ નિર્મળ છે, તેની દૃષ્ટિ કરતાં તેની પર્યાયમાં જે નિર્મળતા પ્રાપ્ત થઈ, નિર્મળ પર્યાયનો સંબંધ થયો તેને સંયોગ થયો એમ કહેવામાં આવે છે. વિકારીભાવ એ સંયોગીભાવ, તે બંધનું કારણ છે, પરદ્રવ્યરૂપ સંયોગ કાંઈ બંધનું કારણ નથી પણ તે બંધમાં નિમિત્ત છે અને નિર્મળ પર્યાયનો સંયોગ એ મોક્ષનું કારણ છે.

સુવર્ણ પોતે જ શુદ્ધપણાને પામે છે, અગ્નિ તો નિમિત્તમાત્ર છે. તેમ આત્મા પોતાના અંતર કાળલબ્ધિ-ભાવલબ્ધિ-પોતાની શુદ્ધ પર્યાયની સામગ્રી ને દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ નિમિત્ત સામગ્રીના કારણે આત્મા પોતે પોતાના શુદ્ધ સ્વભાવના આશ્રયે શુદ્ધ પર્યાયની પ્રાપ્તિ કરતો થકો મુક્તિને પામે છે, પરમાત્મા થઈ જાય છે. સોનું વર્તમાન ક્ષણિક નિર્મળ શુદ્ધપણે પરિણમતું અગ્નિ આદિના નિમિત્તે સોનું પોતે જ સોળવલું શુદ્ધ થઈ જાય છે તેમ શુદ્ધ સ્વરૂપી ભગવાન આત્મા પોતાની નિર્મળ પર્યાયની સામગ્રીમાં બાહ્ય દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવના અનુકૂળ નિમિત્તે શુદ્ધપણે પરિણમતો પરમાત્મા થઈ જાય

**જીવ-અજીવના ભેદનું જ્ઞાન તે જ છે જ્ઞાન;**
**કહે યોગીજન યોગી હે! મોક્ષહેતુ એ જાણ. ૩૮. —શ્રી યોગસાર**

છે. એક કારણ જ્યાં હોય ત્યાં બીજા કારણ હોય જ છે, ન હોય તેમ બને નહીં. પોતાના શુદ્ધ સ્વભાવની શ્રદ્ધા-જ્ઞાન ને વીતરાગતાની પર્યાય પ્રગટ થઈ ત્યાં બીજા નિમિત્ત આદિના જે સાધન હોય તે હોય જ, ન હોય તેવું ન બને.

હવે આ કથનને સાંભળીને શિષ્ય પૂછે છે કે ભગવંત ! જો આત્માની શુદ્ધ પર્યાય અને દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવના નિમિત્તોની સામગ્રીથી આત્મા પોતાના સ્વરૂપને પ્રાપ્ત કરી લે છે તો વ્રત-સમિતિ આદિનું પાળવું નિષ્ફળ નિરર્થક થશે. જો એની મેળે પ્રાપ્ત થઈ જશે તો વ્રત-સમિતિ આદિનું પાલન શું કરવું ? વ્રતાદિના પાલન વડે શરીરને કષ્ટ દેવાથી શું લાભ છે ? તેને આચાર્ય મહારાજ ઉત્તર આપે છે કે—

હે વત્સ ! તે જે આશંકા કરી છે તે ઠીક નથી. કહેવું એમ છે કે આત્માનું ભાન થયું; સમ્યગ્દર્શન થયું પણ સ્વરૂપની શુદ્ધતાની ઉગ્રતા નથી ને ઉગ્રતા પ્રગટ કરવાનો જે પ્રયત્ન જોઈએ તે પણ નથી તેથી તેને અવ્રતના ત્યાગરૂપ વ્રતનો ભાવ હોય છે; એ શુભભાવના ફળમાં તેને સ્વર્ગાદિ મળે છે. આત્માનું ભાન છે ને પૂરણ શુદ્ધતાના પુરુષાર્થની વાર છે—તેના ભાવની યોગ્યતાને પણ વાર છે ને દ્રવ્ય-ક્ષેત્રાદિ નિમિત્તોની વાર છે—ત્યારે અવ્રતથી પાપ બાંધે ને વ્રતના ભાવ હોય તો સ્વર્ગમાં જાય અને વ્રતના ભાવ હોય ત્યારે અંદર થોડી શુદ્ધિની વૃદ્ધિ પણ હોય છે. અવ્રતના કાળમાં સમ્યગ્દૃષ્ટિને અંદર જેટલી શુદ્ધિ છે તેના કરતાં વ્રતના પરિણામ વખતે અંદર શુદ્ધિની વૃદ્ધિ હોય છે પરંતુ અહીં તે વાતની મુખ્યતા ન ગણતાં વ્રતનું ફળ સ્વર્ગાદિ હોય છે તે વાત અહીં કહેવામાં આવી છે. કહે છે કે ભાઈ, વ્રતાદિ નિરર્થક જશે એ વાત નથી. કારણ કે વ્રતાદિ પુણ્યબંધનું કારણ છે અને પૂર્વ બાંધેલ પાપનો એકદેશ ક્ષય થાય છે માટે અવ્રતના પરિણામ કરતાં વ્રત—સમિતિરૂપ શુભભાવનું સાર્થકપણું છે. વળી સમ્યગ્દૃષ્ટિને પણ જે શુભભાવ થાય તે સ્વર્ગાદિ પદની પ્રાપ્તિમાં નિમિત્ત થાય છે માટે વ્રતાદિનું આચરણ સાર્થક છે—આ જ વાત સ્પષ્ટ કરવા આચાર્ય મહારાજ શ્લોક કહે છે—

वरं व्रतैः पदं दैवं नाव्रतैर्वत नारक ।
छायातपस्थछयोर्भेदः प्रतिपालयतोर्महान् ।।३।।

છાયા આતપ સ્થિત જો, જન પામે સુખ દુઃખ,
તેમ દેવપદ વ્રત થકી, અવ્રતે નારક દુઃખ. ૩.

**યોગી કહે રે જીવ તું, જો ચાહે શિવલાભ;**
**કેવળજ્ઞાનસ્વભાવી આ આત્મતત્ત્વને જાણ. ૩૯. —શ્રી યોગસાર**

શ્રી કુંદકુંદાચાર્યે પણ મોક્ષપાહુડના ૨૫મા શ્લોકમાં આ કહ્યું છે. અશુભથી શુભની વિશેષતા વ્યવહારથી બતાવવાની વ્યાખ્યા છે. સંસારમાં વ્રત-તપાદિથી સ્વર્ગ થાય છે તેથી વ્રત-તપાદિ ભલા છે. પરંતુ અવ્રતથી નરકાદિ ગતિ હોય છે તેથી અવ્રતાદિ શ્રેષ્ઠ નથી. વ્રતાદિથી સ્વર્ગ મળે છે તેથી તે નરકની અપેક્ષાએ શ્રેષ્ઠ છે. અવ્રતાદિથી પ્રાણીઓને જે નરકના દુઃખ હોય છે તે ઈષ્ટ નથી.

વ્રતો દ્વારા દેવપદ પામવું સારું છે એટલે આત્માના ભાનપૂર્વક જો વ્રતાદિ હોય તો તેને અંદર શુદ્ધિની વૃદ્ધિ પણ થઈ છે ને વ્રતાદિના પરિણામથી સ્વર્ગાદિ પણ મળે છે. પરંતુ અવ્રતો દ્વારા નરકપદ પામવું સારું નથી. આત્માના ભાન વિના એકલા વ્રત પાળે તેને તો પુણ્યનો બંધ થાય પણ તેના જન્મ-મરણ કાંઈ ટળે નહીં, તેને આત્માનો કાંઈ લાભ નથી.

જેમ એક માણસ છાંયડે બેઠો હોય ને બીજો તડકે બેઠો હોય તેમાં ફરક જોવામાં આવે છે. બે માણસ ગામ બહાર નીકળ્યા ને ત્રીજો માણસ હજી ગામમાં છે, તેની વાટ જોઈને બે માણસે બેસવું છે, એક જણ તડકે ઊભો રહે ને બીજો થોડે દૂર ચાલીને વડના છાંયડે ઊભો રહીને રાહ જોવે છે. તેમ આત્મામાં શુદ્ધોપયોગ થાય ત્યારે તેની મુક્તિ થાય. પરંતુ શુદ્ધોપયોગની પ્રાપ્તિનો જ્યાં સુધી તેને કાળ ન આવે ત્યાં સુધી સમ્યગ્દષ્ટિ શુભભાવમાં હોય તો તેને સ્વર્ગની છાયામાં બેઠો કહેવામાં આવે છે, ને અશુભભાવમાં હોય તો તે દુઃખના સ્થાનમાં ઊભેલો કહેવામાં આવે છે. તડકો ને છાયાની જેમ અહીં અશુભ અને શુભનો ફેર બતાવવો છે. પણ મળવું છે તો ત્રીજાને શુદ્ધોપયોગને મળવું છે. શુદ્ધ ઉપયોગ વિના ચારિત્ર ને શાંતિ આત્માને ત્રણ કાળમાં થતી નથી, પણ પાપ કરતાં પુણ્યના સ્થાનમાં વ્યવહારે આટલો ફેર પાડવાની વાત બતાવે છે. અશુભભાવ કરતાં શુભભાવમાં પુણ્યથી સ્વર્ગની બાહ્ય સગવડતા છે એટલો આંતરો વ્યવહારથી બતાવવો છે. બાકી સ્વર્ગમાં પણ દુઃખ છે, ત્યાં કોઈ સુખ છે નહીં, પરંતુ બહારની સગવડતાની અપેક્ષા નરકના દુઃખ કરતાં વ્યવહારે સુખની વ્યાખ્યા કરી છે.

જ્યાં સુધી જીવને મુક્તિના કારણભૂત પોતાના શુદ્ધોપયોગની ઉગ્ર પ્રાપ્તિ ન થાય એ જાતના દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવના નિમિત્તો મળે નહીં ત્યાં સુધી વ્રતાદિનું આચરણ કરનાર સ્વર્ગાદિના સ્થાનોમાં આનંદથી રહે છે. સમ્યગ્દષ્ટિ હોવા છતાં અશુભભાવમાં રહેવા કરતાં વ્રતાદિ શુભભાવ (વ્યવહારે) ઠીક છે એ વ્યાખ્યા કરી છે. વ્રતાદિ આવે ત્યારે

**કોણ કોની સમતા કરે, સેવે, પૂજે કોણ;**
**કોની સ્પર્શાસ્પર્શતા, ઠગે કોઈને કોણ? –શ્રી યોગસાર**

આત્માનો પુરુષાર્થ વિશેષ હોય છે. ચોથા ગુણસ્થાને સમ્યગ્દષ્ટિને આત્માના આનંદનું વેદન છે પણ પાંચમા ગુણસ્થાનમાં જ્યારે વ્રતનો વિકલ્પ હોય ત્યારે ખરેખર તો શાંતિ ને આનંદ વધી ગયા છે. સર્વાર્થસિદ્ધિના દેવ કરતાં પણ તેની શાંતિ વધુ છે. વ્રતાદિને ન પાળનાર અસંયમી પુરુષ દુઃખોને પામે છે. તેથી વ્રતાદિ પાળવા નિરર્થક નથી પણ સાર્થક છે. માટે જ્યાં સુધી સિદ્ધપદની પ્રાપ્તિ ન થાય ત્યાં સુધી સમ્યગ્દષ્ટિએ અશુભ છોડીને શુભમાં આવવું સારું છે.

ત્યારે શિષ્ય આશંકા કરે છે કે ઉપરનું કથન માની લેવામાં આવે તો ચિદ્રૂપ આત્માની ભક્તિ અયુક્ત ઠરશે. શુદ્ધ ચિદ્રૂપ ભગવાનની રુચિ તો મફતમાં જશે, નિરર્થક થઈ જશે. બધા વ્રત પાળશે ને શુદ્ધ ચૈતન્યની દૃષ્ટિ ને અનુભવ કરશે નહીં. વ્રતાદિના ફળમાં સ્વર્ગના સુખ મળશે તો તેમાં જ રોકાઈ જશે. પછી શુદ્ધ ચિદ્રૂપ ભગવાનની ભક્તિ કરશે કોણ ? એમ શિષ્યે પ્રશ્ન કર્યો છે.

આચાર્ય મહારાજ એ શંકાનું સમાધાન કરે છે કે વ્રતાદિની નિષ્ફળતા પણ નથી અને આત્માના અંતરમાં શ્રદ્ધા-જ્ઞાન ને આનંદનો અનુભવ અયુક્ત નથી. ખરેખર તો એ જ યુક્ત છે. કરવા જેવું તો એ જ છે. અનંત અનંત શાંતરસનો કંદ પ્રભુ તેની એકાગ્રતા તે આત્મભક્તિ છે ને તે જ ખરેખર યુક્ત છે. કરવા યોગ્ય છે. દેવ-શાસ્ત્ર-ગુરુની ભક્તિ એ વ્યવહારભક્તિ છે ને આત્મભક્તિ એ નિશ્ચયભક્તિ છે. સમ્યગ્દર્શન સહિત વ્રતાદિ હોય તેને અયુક્ત કહેવું પણ ઠીક નથી અને આત્મભક્તિને અયુક્ત બતાવવી ઠીક નથી. આ કથનને પુષ્ટ કરવા આચાર્ય મહારાજ શ્લોક કહે છે. (ક્રમશઃ) ❊

---

(અનુસંધાન પેજ નં. ૧૨ થી ચાલુ) (વૈરાગ્ય-ભાવના)

નિગોદમાં ચાલ્યા જશે, માટે તે પાપજીવ છે. ધર્મીની દૃષ્ટિમાં બાહ્ય સંયોગની મહિમા નથી પણ જેને ચૈતન્યનું ભાન છે એવા સમ્યગ્દષ્ટિ ધર્માત્માને જ તે પુણ્યવંત માને છે અને જેને ચૈતન્યનું ભાન નથી તેને પાપી માને છે. સુંદર શરીર હોવું તે કાંઈ આત્માનો ગુણ નથી અને કાળું શરીર હોવું તે કોઈ દોષ નથી. રૂપાળું શરીર હોય કે કાળું હોય પણ જેને અંદરમાં દેહથી ભિન્ન સ્વભાવનું ભાન છે, તે પુણ્યજીવ છે અને જેને એવું ભાન નથી, તે પાપજીવ છે—એમ સમજવું જોઈએ. (ક્રમશઃ) ❊

**કોણ કોની મૈત્રી કરે, કોની સાથે ક્લેશ;**
**જ્યાં દેખું ત્યાં સર્વ જીવ, શુદ્ધ બુદ્ધ જ્ઞાનેશ. ૪૦.** **–શ્રી યોગસાર**



# અનુભવપ્રકાશ ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચન

આમ કહી સંકોચ-વિસ્તાર પર્યાયનો ધર્મ બતાવ્યો છે, તે મૂળ સ્વભાવ નથી.

દરેક જીવમાં સિદ્ધના જેટલા ગુણો રહેલા છે. અજ્ઞાની જીવ બહાર ગોતે છે, પણ પોતાના ભગવાનને માન્યા વિના કાંઈ વળે તેમ નથી. દરેક ગુણ પોતાના પ્રદેશમાં છે. અસંખ્ય પ્રદેશમાં ગુણો પડ્યા-પાથર્યા છે, પણ ગુણદૃષ્ટિ વિના સવળું પરિણમન થયું નહિ. સંસાર અવસ્થાની દૃષ્ટિએ મોક્ષમાર્ગની શરૂઆત ન થાય. અનંતકાળ થયો પણ ચેતન કદી જડ થતો નથી. ચેતન તો એવો ને એવો જ પડ્યો છે, પણ અસંખ્ય પ્રદેશમાં રહેલા ગુણો અને તે ગુણોના સમૂહરૂપ દ્રવ્ય—તેની દૃષ્ટિ કર્યા વિના મોક્ષમાર્ગ થતો નથી. તારા અસંખ્ય પ્રદેશમાં ગુણો એવા ને એવા તાજા પડ્યા છે, કદી પણ ગંધાઈ ગયા નથી. હીણી પર્યાયના આશ્રયે મોક્ષમાર્ગ ન થાય, પણ ગુણોની દૃષ્ટિથી એટલે કે શ્રદ્ધા, જ્ઞાન, રમણતામાંથી જેટલી જેટલી શુદ્ધતા થતી ગઈ તેટલો તેટલો મોક્ષમાર્ગ થયો.

નિશ્ચયમોક્ષમાર્ગ બે પ્રકારનો છે—સવિકલ્પ તથા નિર્વિકલ્પ. સવિકલ્પ—ભેદવાળો—દર્શન, જ્ઞાન, ચારિત્ર એવા ત્રણ ગુણો ભેદરૂપ છે. એમ ત્રણ ભેદનો વિચાર કરે છે કે—''अहं ब्रह्म अस्मि'' પછી હું આત્મા જ છું એવી સ્વભાવસન્મુખ લીનતા થઈ તે નિશ્ચયમોક્ષમાર્ગ છે. હું બ્રહ્માનંદ છું એવો રાગભાવ આવે છે તે મોક્ષમાર્ગ નથી પણ સ્વભાવસન્મુખ પોતે સ્થિર થઈ જાય, રાગનું અવલંબન છોડી અભેદ સ્વભાવમાં લીન થાય છે તે નિર્વિકલ્પ નિશ્ચયમોક્ષમાર્ગ છે.

નિર્વિકલ્પ કહો કે આત્માનો અનુભવ કહો—બન્ને એક જ છે. જીવની શક્તિ તો ત્રણકાળ—ત્રણલોકને જાણવાની છે. તેમાં જ્ઞાન જ્ઞાનને વેદે તેટલો જ્ઞાનનો વિકાસ થયો, તે અંશ સર્વજ્ઞશક્તિ પ્રગટ કરશે. સર્વજ્ઞશક્તિ ત્રિકાળ છે તેનું વેદન થયું. સર્વજ્ઞશક્તિના આધારે સ્વસંવેદન થયું છે. પુણ્ય-પાપના આધારે જ્ઞાન થતું નથી. આત્માની વાર્તા માંડી છે, જેને રુચિ હોય તેને સમજાય તેવી છે. આત્મા જાણનાર સ્વભાવી છે. તેનું સ્વસંવેદન

સદ્‌ગુરુ-વચન-પ્રસાદથી, જાણે ન આતમદેવ;
ભમે કુતીર્થે ત્યાં સુધી, કરે કપટના ખેલ. ૪૧. –શ્રી યોગસાર

જ્ઞાન પ્રગટી અનુભવ થયો. જેટલું સ્વસંવેદન થયું તેમાં સ્વજ્ઞાન વિશુદ્ધતાનો અંશ થતા થયું. સર્વજ્ઞપણું આત્મામાંથી પ્રગટશે—એમ શ્રદ્ધાએ કબૂલ કર્યું. વળી સર્વ જ્ઞાનના પ્રતીતિભાવમાંથી આનંદ વધ્યો. પ્રતીતિ હતી ને આનંદ વધ્યો. જ્ઞાનની સ્વને પકડવાની તાકાત વધવા માંડી. ચિદાનંદ આત્મા છે, તેના ગુણોની પ્રતીતિ થવાથી મોક્ષ થાય છે. પ્રથમ સર્વજ્ઞગુણથી શરૂઆત કરી છે. આત્મા અખંડ જ્ઞાનસ્વરૂપ છે. તેની પ્રતીતિમાં દૃઢતા થતાં જ્ઞાન નિર્મળ થયું.

અનુભવપ્રકાશ કહો કે ધર્મ કહો, અહીં તેની વિધિ બતાવે છે. આત્મામાં સર્વજ્ઞસ્વભાવ શક્તિરૂપે છે. તેમાંથી પર્યાયો પ્રગટે છે. જેને પૂર્ણપદની પ્રાપ્તિ કરવી હોય તેણે સર્વજ્ઞશક્તિની પ્રતીતિ લાવીને પુરુષાર્થનું જોર અંતરમાં વાળવું જોઈએ. પર્યાયમાંથી આવરણ ટળતાં પૂર્ણ જ્ઞાન પ્રગટ ન થાય એમ બને નહીં ને તેનું સાધન પોતામાં ન હોય એમ બને નહીં.

સર્વ જ્ઞાનના પ્રતીતિભાવમાં આનંદ વધ્યો, જ્ઞાન અધિક નિર્મળ થતું ગયું. જે જ્ઞાનપર્યાય પ્રગટ થાય છે તેમાં જ્ઞાનબળની પ્રતીતિ કારણ છે, રાગ કે નિમિત્ત જ્ઞાનનું કારણ નથી. બીજું ઉપચારકારણ તો જાણવા માટે છે. આત્મા જાણનાર સ્વભાવી છે માટે તેમાં અજાણપણું રહે તેમ બને નહીં ને પુદ્ગલ અચેતન છે માટે તે જરાપણ જાણે તેમ બને નહીં. જ્ઞાનસ્વભાવની પ્રતીતિ કરવી એ એક જ ધર્મનો પ્રાથમિક માર્ગ છે.

કેવળજ્ઞાન પ્રગટ નથી ત્યાં સુધી જ્ઞાન પરોક્ષ છે. સાધકનું જ્ઞાન રાગમાં અટકે છે, તોપણ જ્ઞાન જ્ઞાનને જ વેદીને સ્વજાતિનો આનંદ થાય તેનું નામ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર છે. તે જ્ઞાન સ્વરૂપનું થયું. સ્વ-સંવેદન થતાં જ્ઞાન સ્વરૂપનું થયું. જે જ્ઞાન એકલા રાગને નિમિત્તમાં અટકતું તે સ્વસંવેદન ન હતું, પોતાની પ્રતીતિના જોરે જે સ્વસંવેદન જ્ઞાન પ્રગટે છે તે મોક્ષનું કારણ છે. આ સાધકની વાત ચાલે છે.

આત્મા ચિદાનંદમૂર્તિ છે, તેનું એક અંશે વેદન થવું તે સર્વ સંવેદનનું અંગ છે. જ્ઞાન જ્ઞાનની જાતને વેદે (પુણ્ય-પાપને ન વેદે) તે કેવળજ્ઞાનનું અંગ છે. વ્યવહારથી કે દેહની ક્રિયાથી કેવળજ્ઞાન પ્રગટતું નથી. અંદર જે જ્ઞાન-દર્શનશક્તિ છે, તેની સન્મુખ થઈ જ્ઞાનનું જ્ઞાનપણે જાણવું તે સ્વસંવેદન જ્ઞાન છે એ તેના કારણે કેવળજ્ઞાન પ્રગટે છે.

આત્માનો જ્ઞાનસ્વભાવ છે તેને વેદવામાં આવે તે મોક્ષમાર્ગ છે, રાગને વેદવામાં આવે તે સંસાર છે. જ્ઞાનનું વેદન જ્ઞાની જાણે. પણ અજ્ઞાની જાણે નહિં. તે તો રાગ-

**તીર્થ-મંદિરે દેવ—નહિ—એ શ્રુતકેવળીવાણ;**
**તનમંદિરમાં દેવ જિન, તે નિશ્ચયથી જાણ. ૪૨. –શ્રી યોગસાર**

વ્રતાદિમાં ધર્મ માની સંસારને વેદે છે. પોતે પોતાને જાણતાં સ્વ-અનુભવ થયો તે પોતે જાણે, બીજા જાણે નહિ. અજ્ઞાનીને ભરોસે આવે નહિ. સર્વજ્ઞ થયા તે મારી જાતના છે. પોતે પોતાનો પુરુષાર્થ કરી પૂર્ણ થયા તે સર્વજ્ઞ છે ને સર્વજ્ઞશક્તિને પ્રતીતિમાં લાવી જ્ઞાનને વેદ્યુ તે મોક્ષમાર્ગ છે. પ્રમત્ત-અપ્રમત્તભાવ મારું સ્વરૂપ નથી. હું એકલો જ્ઞાયકભાવ છું તેનું વેદન જ્ઞાની જાણે.

જ્ઞાનસ્વરૂપથી બહાર જેટલા વિકલ્પ ઊઠે તે સંસાર છે. વ્યવહારરત્નત્રયાદિનો વિકલ્પ સંસાર છે. આત્મા દેહ, મન ને વાણીથી જુદો છે, પુણ્ય-પાપ સંસાર છે, તેનાથી રહિત શુદ્ધ આત્માની પ્રતીતિ, જ્ઞાન ને રમણતા તે મોક્ષમાર્ગ છે; બાકી રાગાદિ પરિણામ સંસારમાર્ગ છે.

જે જ્ઞાનાનંદ સ્વભાવ છે, તેનાથી વિપરીત ભાવ સંસાર છે. જ્ઞાનસ્વભાવી આત્મામાં એકાગ્ર થવાથી અથવા ગુણગુણીની અભેદતાથી મોક્ષમાર્ગ પ્રગટે છે. દેવ-ગુરુ-શાસ્ત્રની ભક્તિ આદિના પરિણામ આવે તે તથા વ્રત, તપ, જપ, દયા, દાન વગેરે શુભભાવ બધો સંસાર છે ને આત્માનો અનુભવ કરવો તે મોક્ષમાર્ગ છે.

આ વિધિ કબૂલ કરવાનું વીર્ય ન હોય તે જીવ અંતર પરિણામ લાવે ક્યાંથી ?

જ્ઞાનાનંદ સ્વરૂપ-આચરણ કરે અથવા અંશે સ્થિર થાય તે સાધક છે. સાધક અવસ્થામાં મોક્ષમાર્ગ છે. જ્ઞાનાનંદજ્યોતિના અવલંબને જે દશા પ્રગટે તે મોક્ષમાર્ગ છે ને પૂર્ણદશા થાય તે મોક્ષ છે. બાકી રાગાદિ પરિણામ કજાત છે—સંસાર છે. અજ્ઞાની જીવ કજાતને માહાત્મ્ય આપી સંસારમાં રખડે છે.

રાજા પાસે જવું હોય તો તેના ઈલ્કાબ—નેક નામદાર શમશેરબહાદુર વગેરેથી બોલાવે તો મહેલની અંદર જઈ શકે ને મુલાકાત થાય પણ રાજાને ગાળો આપે તો રાજદરબારમાં જવા ન દે. તેમ ચિદાનંદ ચૈતન્યરાજાની વિરુદ્ધ પુણ્ય-પાપના વખાણ કરીને અંદર આત્મામાં પેસાય નહીં. પણ જેવો સ્વભાવ છે તેવા તેના ગુણગ્રામ કરે, પ્રતીતિ કરે તો આત્માની અંદરમાં પેસાય. અધૂરીદશામાં શુભરાગ આવે છે પણ તે બંધન છે, સ્વભાવના આશ્રયે જે દશા પ્રગટે તે મોક્ષમાર્ગ છે ને પૂર્ણદશા પ્રગટે તે મોક્ષ છે. પુણ્યથી પવિત્રતા પ્રગટતી નથી. પોતાના ચિદાનંદના અવલોકન વિના બહારના અવલોકને જીવ રખડ્યો છે. હું આત્મા જ્ઞાનાનંદ છું તેવી પ્રતીતિ કરી જેટલો સ્થિર થયો તેટલો આવરણનો અભાવ થયો ને તેટલો તેટલો શુદ્ધ થયો. (ક્રમશઃ) ❊

**તન-મંદિરમાં દેવ જિન, જન દેરે દેખંત;**
**હાસ્ય મને દેખાય આ, પ્રભુ ભિક્ષાર્થે ભમંત. ૪૩. –શ્રી યોગસાર**

# જિજ્ઞાસુએ ધર્મ કેવી રીતે કરવો ?

## ધર્મની પહેલી ભૂમિકા

### (૫) ગૃહીત મિથ્યાત્વ

નિગોદથી નીકળેલા જીવને કોઈવાર મંદ કષાયથી મન પ્રાપ્ત થયું, સંજ્ઞી પંચેન્દ્રિય થયો. વિચારશક્તિ પ્રાપ્ત થઈ. અને મારું દુઃખ કેમ મટે એવા વિચાર ઉપર ચડયો ત્યારે પ્રથમ 'જીવ શું હશે ?' એમ વિચાર કર્યો તે નક્કી કરવા માટે બીજા પાસે સાંભળ્યું અગર વાંચ્યું. ત્યાં ઉલટું નવું લફરું ચોડ્યું. તે નવું લફરું શું ? બીજા પાસે સાંભળીને તે એમ માનવા લાગ્યો કે જગતમાં બધા થઈને એક જ જીવ છે. બાકી બધું ભ્રમ છે. કાં તો ગુરુથી આપણને લાભ થાય. કાં તો ભગવાનની કૃપાથી આપણે તરી જશું. કાં તો કોઈના આશીર્વાદથી કલ્યાણ થઈ જશે, કાં તો વસ્તુને ક્ષણિક માની વસ્તુઓનો ત્યાગ કરીએ તો લાભ થાય અથવા તો 'શું એક જૈનધર્મે જ કાંઈ સાચાપણાનો ઈજારો રાખ્યો છે ? જગતના બધા ધર્મો સાચા છે' એમ અનેક પ્રકારે (આત્માની સમજણ કરવાને બદલે) વ્યવહારના બધાં લફરા ગ્રહણ કર્યા. પરંતુ ભાઈ ! જેમ 'એક ને એક બે' એ ત્રણે કાળે અને સર્વ ક્ષેત્રે એક જ સત્ય છે. તેમ જે વસ્તુ સ્વભાવ–વસ્તુધર્મ છે તે જ વીતરાગી વિજ્ઞાન કહે છે માટે તે ત્રણે કાળે સત્ય જ છે બીજું કાંઈ પણ કથન સત્ય નથી.

ઉપર મુજબ અનેક પ્રકારની ઊંધી માન્યતા જન્મ્યા પછી નવી ગ્રહણ કરી તેને ગૃહીત મિથ્યાત્વ કહેવાય છે. તેને લોકમૂઢતા, દેવમૂઢતા અને ગુરુમૂઢતા પણ કહેવાય છે.

લોકમૂઢતા એને કહેવાય છે કે બાપદાદાએ અગર તો કુટુંબના મોટા માણસે કર્યું અથવા જગતના મોટા આગળ પડતાં માણસોએ કર્યું માટે મારે તેમ કરવું, પણ સત્ય શું છે તે પોતે વિચારશક્તિથી નક્કી ન કર્યું. એ રીતે પોતાને વિચારવાની શક્તિ મળી હોવા છતાં તેનો સદ્દુપયોગ ન કરતાં તેનો દુરુપયોગ કર્યો તેથી એના ફળમાં તેની વિચારશક્તિનું મરણ થયા વગર રહે જ નહિ. મંદકષાયના ફળરૂપે વિચારશક્તિ પ્રાપ્ત કરી હોવા છતાં, તેનો સદ્દુપયોગ કરવાને બદલે અનાદિના અગૃહીત મિથ્યાત્વ સાથે નવું લફરું લગાડી તેને પોષણ આપ્યું. તેના ફળમાં જ્યાં વિચારશક્તિનો અભાવ છે એવી હલકી દશા જીવને પ્રાપ્ત થાય છે. પોતાની વિચારશક્તિને ગીરો મૂકીને બાપ જો કુદેવને

**નથી દેવ મંદિર વિષે, દેવ ન મૂર્તિ ચિત્ર;**
**તન-મંદિરમાં દેવ જિન, સમજ થઈ સમચિત્ત. ૪૪. –શ્રી યોગસાર**

માને તો પોતે પણ તેને માને—એમ ધર્મના નામે અનેક પ્રકારની ઉંધી માન્યતાઓ મનવાળા જીવો પોષે છે. અર્થાત્ પોતાની મનની શક્તિનો ઘાત કરે છે—પોતે પોતાના માટે નિગોદની તૈયારી કરે છે. જેમ નિગોદના જીવને વિચારશક્તિ નથી તેમ ગૃહીત મિથ્યાત્વી જીવ પોતાની વિચારશક્તિનો દુરુપયોગ કરી પોતાની વિચારશક્તિનો ઘાત કરી, જ્યાં વિચારશક્તિ નથી એવા નિગોદની તૈયારી કરે છે.

દેવમૂઢતા :—સાચો ધર્મ સમજાવનાર કોઈ હોઈ શકે તેની વિચારશક્તિ હોવા છતાં તેનો નિર્ણય કર્યો નહીં. (દેવ એટલે પુણ્યના ફળવાળા સ્વર્ગના દેવ નહિં પણ જ્ઞાનની દિવ્યશક્તિ ધરાવે તે સર્વજ્ઞદેવ.) જેને પૂરું સાચું જ્ઞાન થયું છે તેવા દિવ્ય-શક્તિવાળા દેવ પાસેથી સાચું જ્ઞાન મળી શકે. પરંતુ જીવ તેને ઓળખતો નથી અને દેવના સંબંધમાં એટલે કે સંપૂર્ણ સાચું જ્ઞાન કોને પ્રાપ્ત થયું છે તેના સંબંધમાં તે મૂર્ખતા ધારણ કરે છે એટલે કે દેવ સંબંધમાં પણ પોતાની વિચારશક્તિનું મહાન દેવાળું કાઢે છે ને તે દેવમૂઢતા છે.

ગુરુમૂઢતા :—માંદો માણસ ડૉક્ટરની તપાસ કરે કે ક્યા ડૉક્ટરની દવા લેશું તો રોગ મટશે. કુંભારને ત્યાં તાવડી લેવા જાય ત્યાં ત્રણ ટકોરા મારી તાવડીની પરીક્ષા કરે, એમ સંસારના અનેક પ્રસંગોમાં પરીક્ષા કરે છે પણ અહીં અજ્ઞાનનો નાશ કરવા માટે અને દુઃખ ટાળવા માટે કોણ નિમિત્ત (ગુરુ) થઈ શકે તેનો પરીક્ષા દ્વારા નિર્ણય કરવામાં વિચારશક્તિને લગાવતો નથી અને બાપે કહ્યું તે પ્રમાણે અથવા કુળની પરંપરા પ્રમાણે આંધળી દોડે માને છે તે જીવની ગુરુમૂઢતા છે.

આ પ્રમાણે જીવ કાં તો વિચારશક્તિનો ઉપયોગ કરતો નથી અને ઉપયોગ કરવા જાય છે તો ઉપર કહ્યા પ્રમાણે (૧) લોકમૂઢતા (૨) દેવમૂઢતા અને (૩) ગુરુમૂઢતામાં લૂંટાઈ જાય છે. કુગુરુ તો કહે છે કે દાન દેશો તો ધર્મ થશે. પણ ભલા! એવું તો ગામના ભંગીઓ પણ કહે છે કે 'મા બાપ! એકબીડી આપશો તો ધર્મ થશે'. એમાં કુગુરુએ અપૂર્વ શું કીધું? વળી શીલનો ઉપદેશ બાપ પણ આપે છે. તો પછી બાપ પણ ધર્મગુરુ ઠરે. નિશાળમાં પણ સત્ય, અહિંસા ને બ્રહ્મચર્ય સેવવાનું કહેવાય છે. તો પછી નિશાળના માસ્તર પણ ધર્મગુરુ ઠરે. અને નિશાળના પુસ્તકો ધર્મશાસ્ત્ર ઠરે પણ તેમ બનતું નથી. ધર્મનું સ્વરૂપ અપૂર્વ છે 'ઉપવાસ'થી ધર્મ માને પરંતુ ત્યાં ઉપવાસનો અર્થ

**તીર્થ-મંદિરે દેવ જિન, લોક કથે સહુ એમ;**
**વિરલા જ્ઞાની જાણતા, તન-મંદિરમાં દેવ. ૪૫.** –શ્રી યોગસાર

'રોટલા ન ખાવા' એમ માને છે પણ તે જૂઠું છે. ઉપવાસ શબ્દોનો ભાવ ઉપવાસ કરવાનું માનનાર કે કહેનાર સમજતાં ન હોય ત્યાં ધર્મ કેમ થાય ? અનાજનો સંયોગ શરીરને ન થયો એમાં ઉપવાસ માની લીધો. પણ જીવ તો કદી રોટલા ખાતો નથી, બહુ તો જીવ અજ્ઞાનદશામાં અજ્ઞાન અને દુઃખી થાય છે (ભોગવે છે) જ્ઞાનદશામાં સાચું જ્ઞાન અને તેનું અવિનાભાવી સુખ ભોગવે છે.

ત્રણ પ્રકારની મૂઢતામાં ગુરુમૂઢતા વિશેષ છે. તેમાં ધર્મના નામે પોતે અધર્મ કરતો હોય છતાં તેમાં ધર્મ માને છે. દા.ત. દુકાને બેઠેલો માણસ હું અત્યારે સામાયિક-ધર્મ કરું છું એમ ન માને પણ ધર્મસ્થાને આવીને પોતે માનેલા ગુરુ કે વડીલે કહેલા અમુક શબ્દો બોલી જાય—કે જેનો અર્થ પણ પોતે જાણતો ન હોય—તેમાં સામાયિક-ધર્મ કર્યો એમ તે જીવ માને છે. વળી શુભભાવ હોય તો પુણ્ય થાય અને તે શુભમાં ધર્મ માન્યો એટલે ત્યાં અધર્મને ધર્મ માન્યો છે તે ગૃહીત મિથ્યાત્વ છે.

ગૃહીત મિથ્યાત્વ એટલે પોતે વિચારશક્તિવાળો થયા પછી નવા લફરા કર્યા છે. અહીં ભૂલ—મિથ્યાત્વ સંબંધી આપણે બે વાત કરી. (૧) અનાદિથી ચાલ્યું આવતું પુણ્યથી ધર્મ થાય અને શરીરનું કાર્ય હું કરી શકું એ માનવારૂપ ઊંધી માન્યતા તે અગૃહીત મિથ્યાત્વ છે. (૨) લોકમૂઢતા, દેવમૂઢતા અને ગુરુમૂઢતાના સેવનથી કુદેવ-કુગુરુ દ્વારા જીવ ઊંધી માન્યતાને પોષણ આપનારાં લફરાં ગ્રહણ કરે છે તે ગૃહીત મિથ્યાત્વ છે. સાચા દેવ-ગુરુ-ધર્મની તેમ જ પોતાના આત્મસ્વરૂપની સાચી સમજણ દ્વારા એ બંને મિથ્યાત્વને ટાળ્યા વગર જીવ કદી પણ સમ્યક્ત્વ પામી શકે નહિ અને સમ્યગ્દર્શન વગર કદી ધર્માત્માપણું થાય નહિ. માટે ધર્માત્માને પ્રથમ ભૂમિકામાં જ સત્સમાગમે ગૃહીત અને અગૃહીત મિથ્યાત્વનો ત્યાગ જરૂર હોય જ. (ક્રમશઃ) ❊

લોકો કુળદેવને હાજરાહજૂર રક્ષણ કરનાર માને છે, પણ તું અંદર માલવાળો છો કે નહિ ? ત્રિકાળી સ્વાધીન સ્વભાવના લક્ષે અંદર તો જો ! ત્રિકાળ સ્વતંત્રપણે ટકનાર ભગવાન જ્ઞાયક આત્મા કે જે જ્ઞાતાસ્વરૂપે સળંગ જાગ્રત છે તે જ હાજરાહજૂર દેવ છે. તેની જ શ્રદ્ધા કર, પરનો આશ્રય છોડ, પરથી જુદાપણું બતાવનાર નિર્મળ જ્ઞાનનો વિવેક કર, સ્વભાવના જોરે એકાગ્રતા કર; શ્રદ્ધા, જ્ઞાન અને સ્થિરતાને એકરૂપ સ્વભાવમાં જોડ. એ જ મોક્ષમાર્ગ છે. —ગુરુદેવશ્રીનાં વચનામૃત-૮૭.

**જરા-મરણ ભયભીત જો, ધર્મ તું કર ગુણવાન;**
**અજરામર પદ પામવા, કર ધર્મૌષધિ પાન. ૪૬.** –શ્રી યોગસાર

# ધર્મી થવાનો રસ્તો

ધર્મી જીવ કેવો હોય ? અને કેવા જ્ઞાન ભાવને લીધે તેને નિર્જરા થાય ? તેનું આ વર્ણન છે. જેણે પોતાના આત્માને એક જ્ઞાનમય સ્વરૂપ અનુભવ્યો છે, ને એના સિવાયના બધા ભાવોમાં આત્મબુદ્ધિ છૂટી ગઈ છે એવા જીવને રાગ વગરનો જે જ્ઞાનમયભાવ તે ધર્મ છે. તેનાથી નિર્જરા થાય છે.

પ્રશ્ન :—આ તો જે ધર્મી અને જ્ઞાની થયા છે તેમની વાત થઈ, પણ અમારે જ્ઞાની થવા માટે શું કરવું ?

ઉત્તર :—ભાઈ ! જ્ઞાનીએ જે કર્યું તે તું કર. જ્ઞાનીએ પોતાના સ્વભાવને ઓળખીને રાગાદિ પરભાવનો પ્રેમ છોડ્યો તેમ તું પણ રાગ વગરના તારા જ્ઞાનાનંદ સ્વભાવને ઓળખ ને પરભાવનો પ્રેમ છોડ,—તે જ ધર્મી થવાની રીત છે. વિભાવ વગરનો અનંતગુણથી ભરેલો જે જ્ઞાયકભાવ તેને ગુરુગમ દ્વારા લક્ષમાં લઈને અનુભવ કરવો—તે જ જ્ઞાની અને ધર્મી થવાનો રસ્તો છે તે જ મોક્ષનો માર્ગ છે.

જડ લક્ષ્મી કે જડ શરીરની ક્રિયાઓ તે તો આત્મામાં છે જ નહીં. હવે જે રાગદ્વેષાદિ દુઃખભાવો તે પણ આનંદના સમુદ્રમાં નથી. આનંદનો સમુદ્ર ચૈતન્યમૂર્તિ આત્મા છે....તેની સન્મુખ થયો ત્યાં રાગાદિ ભાવો રહેતા નથી. આ રીતે સંયોગથી જુદો, શુભ રાગાદિભાવોથી પણ જુદો, એકલો જ્ઞાનરસથી ભરેલો પોતાનો આત્મા તેને અંતરમાં દેખવો—અનુભવવો તે અપૂર્વ મંગળ છે. ધર્મીએ આમ કર્યું—તેની બરાબર ઓળખાણ કરીને પોતામાં પણ આવા ભેદજ્ઞાનનો ભાવ પ્રગટ કરવો—તે ધર્મી થવાનો રસ્તો છે.



# યુવા વિભાગ

(આ વિભાગ અંતર્ગત મુમુક્ષુઓની પૂજ્ય ગુરુદેવશ્રીની સાથે રાત્રિ સમયે થયેલી તત્ત્વચર્ચા આપવામાં આવી છે.)

પ્રશ્ન :—જ્ઞાનીનું જ્ઞાન સ્વ અને પર બન્નેને જાણે છે, છતાં તેનો જ્ઞાનઉપયોગ સ્વમાં ટકી શકતો નથી ને પર તરફ જ્ઞાનનો ઉપયોગ જાય છે તો તે જ્ઞાનનો દોષ ખરો કે નહિ?

ઉત્તર :—પરમાં ઉપયોગ વખતેય જ્ઞાનીને જ્ઞાનનું સમ્યક્પણું તો ખસતું નથી ને મિથ્યાપણું થતું નથી તેથી તે અપેક્ષાએ તેના જ્ઞાનમાં દોષ નથી; પણ જ્ઞાન હજી કેવળજ્ઞાનરૂપ નથી પરિણમતું તે જ્ઞાનનો દોષ છે, જ્ઞાનનો સ્વભાવ કેવળજ્ઞાનરૂપ થવાનો છે, જ્યાં સુધી કેવળજ્ઞાનરૂપે ન પરિણમે ત્યાં સુધી જ્ઞાન સદોષ છે—આવરણવાળું છે. મિથ્યા નથી છતાં દોષિત તો છે. ઉપયોગ ભલે સ્વમાં હો ત્યારે પણ પૂરું કેવળજ્ઞાનભાવે નથી પરિણમ્યું તે તેનો દોષ છે. આમ છતાં, તે વખતે જે રાગ છે તે કાંઈ જ્ઞાનકૃત નથી, રાગ તો ચારિત્રનો દોષ છે.

પ્રશ્ન :—સમ્યગ્દૃષ્ટિ રાગનો કર્તા નથી, સર્વજ્ઞની જેમ રાગનો માત્ર જ્ઞાતા જ છે, તોપણ સમ્યગ્દૃષ્ટિની પર્યાયમાં રાગ થાય તો છે?

ઉત્તર :—સમયસાર ગાથા ૧૨માં કહ્યું છે ને! ''તે કાળે જાણેલો પ્રયોજનવાન છે'' સર્વજ્ઞ એક સમયમાં એક સાથે ત્રણકાળને જાણે છે અને નીચે સાધક તે તે કાળના રાગને જાણે છે. જેવું જેવું જ્ઞાન હોય છે તેવો જ રાગ નિમિત્તમાં હોય છે. આઘુ-પાછું જ્ઞાન થાય તે વાત જ નથી એક કાળે જ છે. ધર્મી જીવ જાણે છે કે દ્રવ્યોમાં પર્યાય થઈ રહી છે તેને સર્વજ્ઞ જાણી રહ્યા છે. તેને કરે શું? પણ સમ્યગ્દર્શન આદિ ધર્મની પર્યાય થઈ રહી છે તેને કરે શું? જે પર્યાય સ્વકાળે થઈ રહી છે તેને કરે શું? અને તેને કરવાનો વિકલ્પ શું? સર્વજ્ઞ પ્રત્યક્ષ દેખી રહ્યા છે અને નીચે ધર્મી જીવ પરોક્ષ દેખી રહ્યા છે. પ્રત્યક્ષ—પરોક્ષનો જ ફેર છે. દિશા બદલવાની છે, બીજું કાંઈ કરવાનું નથી. જે પર્યાય થવાવાળી છે તેને કરવું શું? અને જે નહિ થવાવાળી છે તેને પણ કરવું શું? એવો નિશ્ચય કરતાં જ કર્તૃત્વબુદ્ધિ તૂટીને સ્વભાવસન્મુખ થઈ જાય છે. સર્વજ્ઞ ત્રિકાળીને જાણનાર—

**શાસ્ત્ર ભણે, મઠમાં રહે, શિરના લુંચે કેશ;**
**રાખે વેશ મુનિતણો, ધર્મ ન થાયે લેશ. ૪૭. –શ્રી યોગસાર**

દેખનાર છે એમ હું પણ ત્રિકાળીને જાણવા–દેખવાવાળો જ છું. એવા ત્રિકાળી જ્ઞાયકસ્વભાવનો નિશ્ચય કરવો એ જ સમ્યગ્દર્શન છે.

પ્રશ્ન :—સમ્યગ્દષ્ટિને શુદ્ધ આત્માનો વિચાર ઉપયોગમાં ચાલે તે જ શુદ્ધ ઉપયોગ છે ને?

ઉત્તર :—ના, શુદ્ધ આત્માનો વિચાર ચાલે એ શુદ્ધ ઉપયોગ નથી, એ તો રાગ મિશ્રિત વિચાર છે. શુદ્ધ આત્મામાં એકાગ્ર થઈ નિર્વિકલ્પ ઉપયોગરૂપ પરિણામ થાય તે શુદ્ધ ઉપયોગ છે. જેમાં જ્ઞેય-જ્ઞાન-જ્ઞાતાના ભેદ છૂટીને એકલો અભેદરૂપ ચૈતન્યગોળો અનુભવમાં આવે છે તે શુદ્ધ ઉપયોગ છે.

પ્રશ્ન :—જ્ઞાનીને વિભાવ પરદેશ લાગે છે તો ખેદ થાય કે જ્ઞાન થાય છે?

ઉત્તર :—ખેદ પણ થાય છે અને જ્ઞાન પણ થાય છે

પ્રશ્ન :—શુદ્ધિ અને અશુદ્ધિ એક પર્યાયમાં સાથે જ છે?

ઉત્તર :—હા, સાધકને શુદ્ધિ અને અશુદ્ધિ એક પર્યાયમાં સાથે હોવા છતાં અશુદ્ધતાનું જ્ઞાન થાય છે તે પોતાનું છે, અશુદ્ધતા પોતાની નથી.

પ્રશ્ન :—સમ્યગ્દષ્ટિને ગૃહસ્થાશ્રમમાં રહીને રાજપાટ કરતી વખતે પણ સમભાવ કેમ રહેતો હશે?

ઉત્તર :—ત્રિકાળી જીવતત્ત્વની દૃષ્ટિ હોવાથી જ્ઞાનીને પર્યાયદૃષ્ટિ નથી અર્થાત્ જ્ઞાનીઓ પર્યાય જેટલો જ જીવને માનતા નથી, તેથી તેમને પર્યાયબુદ્ધિના રાગદ્વેષ થતા જ નથી. સ્વભાવદૃષ્ટિવાળો જીવ સિદ્ધ પર્યાય વખતે પણ તેના પૂરા સ્વભાવને દેખે છે ને નિગોદ પર્યાય વખતે પણ પૂરા સ્વભાવને જ દેખે છે, તેથી તેને બધા પર્યાયો ઉપર સમભાવ રહે છે. કદાચ અલ્પ રાગ-દ્વેષ થાય તો તે વખતે પણ પોતાના સ્વભાવની એકતા છૂટતી નથી, તેથી ખરેખર તેમને રાગદ્વેષ થયો નથી પણ સ્વભાવની એકતા જ થઈ છે. સ્વભાવબુદ્ધિનો હકાર ને પર્યાયબુદ્ધિનો નકાર તે જ સમભાવ છે.

આત્મા વર્તમાનભાવ જેટલો નથી પણ ત્રિકાળી અખંડ જ્ઞાનમૂર્તિ છે–એવી શ્રદ્ધા તે દ્રવ્યબુદ્ધિનો સ્વીકાર છે ને પર્યાયબુદ્ધિનો અસ્વીકાર છે. ત્રિકાળી સ્વભાવની બુદ્ધિથી આત્માને માનનાર સમ્યગ્દૃષ્ટિ છે અને પર્યાયબુદ્ધિથી આત્માને માનનાર મિથ્યાદૃષ્ટિ છે. સમ્યગ્દૃષ્ટિને ગૃહસ્થાશ્રમમાં રાજપાટ અને હજારો રાણીઓનો સંયોગ પણ વર્તતો હોય અને તે સંબંધી રાગ હોય, છતાં તે વખતેય અખંડ સ્વભાવની દૃષ્ટિ ખસતી નથી પણ સ્વભાવની અધિકતા જ છે, તેથી તેમને સમભાવ જ વર્તે છે.



# પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રીની ગુરુભક્તિપૂર્ણ આધ્યાત્મિક તત્ત્વચર્ચા

પ્રશ્ન :— જ્ઞાનીને અંતરમાં એકદમ શાંતિ મળે છે તો બહાર નીકળે છે શું કામ? એકદમ શાંતિ મળી ગઈ પછી આકુળતામાં કેમ આવે છે?

સમાધાન :—તેટલો પુરુષાર્થ નથી એટલે બહાર નીકળી જાય છે અને અનાદિના જે વિભાવો પડ્યા છે તેમાં જોડાઈ જાય છે. હજી વિભાવો પડેલા છે, તે ક્ષય થયા નથી, તેમ જ અંદર તેટલો પુરુષાર્થ નથી એટલે અંદર ટકી શકાતું નથી ને બહાર આવી જાય છે.

પ્રશ્ન :—સત્ સરળ, સુગમ છે; પણ કોઈ માર્ગ દેખાડે તો થાય ને?

સમાધાન :—સત્ સરળ અને સુગમ છે. દેખાડનાર દેખાડે, પણ જોવાનું તો પોતાને જ છે ને? પોતે જુએ નહિ તો ગમે તેટલું દેખાડે તો પણ જોઈ શકતો નથી.

પોતે જોવાની તૈયારી કરે તો જોઈ શકે છે. દેખાડનાર દેખાડે,– ગુરુદેવે ઘણું દેખાડ્યું છે–પણ જેની જેટલી તૈયારી હોય તેટલું ગ્રહણ કરે છે. બધા એક જાતનું ગ્રહણ કરી શકતા નથી. તૈયારી પોતાને જ કરવાની છે.

પ્રશ્ન :—વૃદ્ધાવસ્થાનો અને મરણનો ભય લાગે છે તેનું કારણ શું ?

સમાધાન :—વૃદ્ધાવસ્થા કે મરણ ભયનું કારણ નથી, પોતાના શરીરનો રાગ છે–એકત્વબુદ્ધિ છે એટલે ભય લાગે છે. શરીરમાં વૃદ્ધાવસ્થા આવે તે કોઈને પાલવતું નથી અને મરણનો ભય લાગે છે–મરણ કોઈને ગમતું નથી તેનું કારણ અજ્ઞાન છે. જ્યાં સુધી ભવનો અભાવ થતો નથી ત્યાં સુધી શરીર ધારણ કરે, પણ પોતાને શરીર સાથે એકત્વબુદ્ધિનો રાગ છે એટલે ભય લાગે છે. તેની એકત્વબુદ્ધિ એવી છે કે શરીરથી છૂટું પડવું ગમતું નથી, એટલે તેને ભય લાગે છે. વૃદ્ધાવસ્થા કે મરણ ભય કરાવતું નથી પણ પોતે અજ્ઞાનને લઈને ડરે છે.

પ્રશ્ન :—શરીરકા સ્વતંત્ર પરિણમન અંદર બૈઠતા નહીં હૈ? સમજમેં ભી નહીં આતા હૈ?

સમાધાન :—સમજનેકા અભ્યાસ કરના. શરીર જડ–પુદ્ગલ હૈ, મૈં જાનનેવાલા હૂં. શરીરકા સ્વભાવ સ્વતંત્ર હૈ, વિકલ્પ અપના સ્વભાવ નહીં હૈ, મૈં ચૈતન્ય જ્ઞાયક

સ્વભાવી હૂં—ઔર ઈસમેં શાંતિ—આનંદ ભરા હૈ. ઈસકા બારંબાર વિચાર કરના. બૈઠતા નહીં હૈ તો બૈઠાનેકા અભ્યાસ કરના, બારંબાર વિચાર કરના. સ્વભાવ દૃષ્ટિસે પીછાનનેકા વિચાર કરના. જૈસે સ્ફટિક નિર્મલ હૈ વૈસે મૈં નિર્મલ હૂં, પાનીકા સ્વભાવ નિર્મલ હૈ વૈસે મૈં નિર્મલ હૂં. પાનીમેં મલિનતા બહારસે આતી હૈ—કાદવ કી વજહસે આતી હૈ ઐસે યહ સંકલ્પ—વિકલ્પ વિભાવ હૈ, અપના સ્વભાવ નહીં હૈ. ઉસસે ભેદજ્ઞાન કરના.

પ્રશ્ન :—દ્રવ્યદૃષ્ટિ થયા વગર શું પર્યાયનો આશ્રય છૂટતો નથી?

સમાધાન :—દ્રવ્યદૃષ્ટિ પ્રગટ કરે તો પર્યાયનો આશ્રય છૂટે અને પર્યાયનો આશ્રય જેને છૂટે તેને દ્રવ્યદૃષ્ટિ પ્રગટ થાય. દ્રવ્ય ઉપર દૃષ્ટિ કરે તો જ પર્યાયદૃષ્ટિ છૂટે. મુખ્ય દ્રવ્ય છે, પછી (જ્ઞાનમાં) પર્યાય ઊભી રહે, પણ પર્યાયની દૃષ્ટિ છૂટી જાય.

પ્રશ્ન :—પર્યાયનું પરિણમન ચાલુ રહે તો પણ પર્યાયદૃષ્ટિ છૂટી જાય?

સમાધાન :—પર્યાયનું પરિણમન ચાલુ જ રહે, પણ પર્યાયદૃષ્ટિ છૂટી, દૃષ્ટિ દ્રવ્ય ઉપર આવી જાય. પછી તે પરિણમન અમુક અંશે શુદ્ધ થઈ જાય ને અમુક અંશે વિભાવરૂપ રહે છે. દ્રવ્ય ઉપર દૃષ્ટિ બદલાણી એટલે અંશે શુદ્ધરૂપે પરિણમન થઈ ગયું છતાં અમુક પરિણમન હજી વિભાવરૂપે રહે છે. દૃષ્ટિનો દોષ મુખ્ય છે. દૃષ્ટિનો દોષ એ જ પર્યાયદૃષ્ટિ છે. પર્યાય તો ઊભી રહે છે, તે કાંઈ નુકસાન નથી કરતી, પણ પર્યાયદૃષ્ટિ નુકસાન કરે છે. પોતાની (સ્વની) દૃષ્ટિ-શ્રદ્ધા થઈ એટલે આખું પરિણમન—ચક્ર ફરી ગયું, આખી દિશા બદલાઈ ગઈ. પહેલાં આખી દિશા પરદ્રવ્ય તરફ હતી તે સ્વદ્રવ્ય તરફ આવી ગઈ. દૃષ્ટિ બદલાણી એટલે અનંતો સંસાર છૂટી ગયો. હવે થોડો વિભાવ રહે છે, પણ આખી દિશા બદલાઈ ગઈ.

---

(અનુસંધાન પેજ નં. ૨૯ થી ચાલુ)　　　　(બ્રહ્મગુલાલ)

આત્મા ભાવપરિવર્તનશીલ છે. સર્વથા કૂટસ્થ નથી માટે મહાપુરુષોંના ઉદાહરણો દ્વારા અનાદિથી સેવન કરેલ મિથ્યાભાવોનું પરિવર્તન કરી સમ્યક્ત્વ પ્રગટ કર.....અનાદિ સંસારમાં મિથ્યાત્વના અનંત પ્રકારના અનંત વેષ ધારણ કર્યા છે. હવે તો સમ્યક્ત્વનો અપૂર્વ વેષ સજાવો.

જુઓ ! ભગવાન મહાવીરનું જીવન ! તે પણ એક સમય સિંહના વેષમાં હતા અને હરણનું માંસ ખાઈ રહ્યા હતા. તે પોતાના ભાવોનું પરિવર્તન કરી રૌદ્રભાવમાંથી શાંતભાવરૂપ થઈને, ત્રિલોકપૂજ્ય તીર્થંકર થયા. આ પ્રકારના દૃષ્ટાંતથી હે જીવ ! તું પણ તારા ભાવોનું સમ્યક્ભાવરૂપે પરિવર્તન કર.

## બાળ વિભાગ

# મહાન ભાવપરિવર્તક બહુરૂપી બ્રહ્મગુલાલ

(૮)

મુનિરાજ બ્રહ્મગુલાલજી વનમાં એક વૃક્ષ નીચે ચૈતન્યના ધ્યાનમાં લીન છે. અનાદિથી ધારણ કરેલા આર્ત-રૌદ્ર ધ્યાનરૂપ આ વેષને છોડીને તેમણે ઉપશમભાવરૂપ અપૂર્વ સ્વાંગ ધારણ કર્યો છે.—આહાહા ! અપૂર્વ શાંતમુદ્રામાં મુનિરાજ શોભાયમાન છે.

એવામાં એક સિંહે છલાંગ લગાવીને તેમના ઉપર હુમલો કરવાનું વિચારતો હતો....આ સિંહ તે જ જીવ હતો જે પૂર્વે રાજકુમાર હતો અને સિંહનો જન્મ લઈ બ્રહ્મગુલાલજી ઉપર હુમલો કરવાનું વિચારતો હતો..... આ રાજકુમારનો જીવ મરીને સિંહરૂપે જન્મ્યો હતો. અને બ્રહ્મગુલાલજી ઉપર હુમલો કરવાનું વિચારતો જ હતો ત્યાં તેમની ધીર-ગંભીર-ઉપશાંત મુદ્રા જોઈને ઊભો રહી ગયો. તેને એમ લાગ્યું કે આ મુદ્રા ક્યાંક જોઈ છે. એમ વિચારતા જ તેને જાતિસ્મરણ થયું “અરે, આ તો તે જ કલાકાર બ્રહ્મગુલાલ ! મારો મિત્ર ! જેણે સિંહના વેષમાં મને મારી નાખ્યો હતો, અત્યારે કેવા શાંત, સ્થિર થઈ ગયા છે. અરે ! અત્યારે તો મુનિ થઈ ગયા છે. અરે ! ક્યાં સિંહનો સ્વાંગ ! અને ક્યા મુનિરાજનો સ્વાંગ ! ક્યાં ક્રૂર હિંસકભાવ !! અને ક્યાં આ પરમશાંતભાવ !! જીવ પોતાના પરિણામોને કેવી રીતે પલટી શકે છે. અત્યારે હું (સિંહ-રાજકુમાર) આમના ઉપર હુમલો કરવા તૈયાર થયો છું, તો પણ એ પોતાના આત્મધ્યાનમાં અડગ છે. તેમનો સિંહનો સ્વાંગ કેટલો સાચો હતો અને મુનિનું ચારિત્ર પણ કેટલું સાચું છે. વાહ ! કેવું ભાવપરિવર્તન !! સમ્યક્ભાવ—પરિવર્તન કરવાવાળો આ કલાવિદ્ હકીકતમાં વંદનીય છે.”

—આવો વિચાર કરીને તે સિંહ તેમને વંદન કરવા લાગ્યો. ઠીક તે જ સમયે બ્રહ્મગુલાલ મુનિરાજની દૃષ્ટિ તેના ઉપર પડી. નજર પડતા જ ભાવપરિવર્તનનો ખ્યાલ આવી ગયો, માટે તેઓ કરુણાપૂર્વક સિંહને સંબોધવા લાગ્યા—

“અરે સિંહ ! અરે રાજકુમાર !! જુઓ....જુઓ....આ ભાવપરિવર્તનની કલા. દરેક જીવ પોતાના ભાવોને ક્ષણમાત્રમાં પરિવર્તન કરવાની શક્તિ ધરાવે છે. અનાદિ સંસારમાં આ જીવે અનેક વેષ ધારણ કર્યા છે. પણ તે બધા પોતાના ક્રૂર ભાવના વેષ ધારણ કર્યા છે. શાંતભાવનો વેષ કોઈ દિવસ ધારણ કર્યો જ નથી. આર્ત-રૌદ્ર ધ્યાનથી સંસારના વેષ ધારણ કરે છે. જો આત્મભાન દ્વારા તે એકવાર મોક્ષનો વેષ ધારણ કરે તો

તેને બીજો કોઈ વેષ ધારણ કરવાની જરૂરત ન પડે. ક્યાં તમારો રાજકુમારનો વેષ અને ક્યાં આ સિંહનું રૂપ.... આ બંને વેષ ક્ષણિક છે. તમારી કાયાનો મૂળ વેષ તો સિદ્ધપદ છે. હે જીવ ! તું એની સંભાળ કર !''

શ્રી મુનિરાજનો ઉપદેશ સાંભળી સિંહ આનંદિત થયો. તેના ભાવોમાં અપૂર્વ પરિવર્તન થયું અને આનંદની અશ્રુધારાથી મુનિના ચરણનો અભિષેક કરવા લાગ્યો. તે જ સમયે અચાનક રાજા ત્યાંથી નીકળ્યો અને આ આશ્ચર્યકારી દૃશ્ય જોઈને ત્યાં જ થંભી ગયો અને શ્રી બ્રહ્મગુલાલજી મુનિરાજને પૂછ્યું–''હે સ્વામી ! આ સિંહ આપના ચરણોમાં કેમ શાંત થઈ ગયો છે ? અને તેને જોઈને મને કેમ તેના પ્રત્યે પ્રેમ ઉમડે છે ?''

બ્રહ્મગુલાલજી મુનિએ કહ્યું–''રાજન્ ! સાંભળ. આ સિંહ બીજો કોઈ નહીં પણ તારો પુત્ર જ છે. મારા સિંહના વેષના સમયમાં તમારા જે રાજકુમારની મૃત્યુ થઈ હતી તે રાજકુમાર સિંહના રૂપમાં જન્મ્યો છે. તે રાજકુમારનો વેષ પણ ક્ષણિક હતો અને આ સિંહનો વેષ પણ ક્ષણિક છે. સિદ્ધપદરૂપી જીવનો વેષ–ચૈતન્યનો સ્થિર વેષ છે. માટે હે રાજન્ ! પુત્રવિયોગનો શોક છોડીને સિદ્ધપદ પ્રાપ્તિનો ઉપાય કરો !''

''આ સિંહ મારો જ પુત્ર છે''–એમ જાણીને રાજા અતિ સ્નેહથી તેને મળવા લાગ્યો. ત્યારે ફરીથી મુનિરાજે કહ્યું –''અરે રાજન્ ! વિભાવના ક્ષણિક વેષમાં મોહ કેવો ? તમારું રાજાપણું પણ ક્ષણિક છે, પિતા-પુત્રનો સંબંધ પણ ક્ષણિક છે. છોડો હવે તો છોડો ! આ ક્ષણિક વેષના મોહને છોડો !!''

બસ, રાજાના વિવેકચક્ષુ ખૂલી ગયા–''અરે ! ક્યાં તે સિંહ અને ક્યાં આ સાધુ ? ક્યાં આ રાજપુત્ર અને ક્યાં આ સિંહ ? અરે ! સંસારમાં ભ્રમણ કરતાં મેં અનેક વેષ ધારણ કર્યા અને ભ્રમથી તે-તે વેષોને પોતાનું અસલી સ્વરૂપ માની બેઠો. પરંતુ આ કોઈપણ સ્વાંગ મારું સ્વરૂપ નથી. તે તો બધા ક્ષણિક વિભાવના વેષ છે. તે તો છૂટી ગયા. હવે હું પોતાના સિદ્ધ સ્વરૂપી અવિનાશી સ્વાભાવિક વેષ માટે પ્રયત્ન કરું''–આમ વિચારી રાજા પણ પોતાના ભાવોનું સમ્યક્ પરિવર્તન કરીને મુનિ થયા અને સિદ્ધપદના સાધક બની ગયા. આ પ્રમાણે બ્રહ્મગુલાલ કલાકાર, રાજકુમાર અને રાજા–આ ત્રણેયનું જીવન સમ્યક્ ભાવ પરિવર્તનનું અદ્ભુત દૃષ્ટાંત છે.

આ પ્રમાણે હે પાઠકો ! તમે પણ પોતાના ભાવોનું સમ્યક્ પરિવર્તન કરો અને આત્માને મોક્ષસાધનામાં લગાવો.

પુરાણોમાં જ્યાં જુઓ ત્યાં પવિત્ર પુરુષોના જીવન-ચરિત્રમાં ભાવ-પરિવર્તનનો જ ઉપદેશ આપવામાં આવ્યો છે. હે જીવ ! તમારા ભાવોમાં પરિવર્તનની શક્તિ છે કારણ કે

(જુઓ અનુસંધાન પેજ નં. ૨૭ ઉપર)

## શ્રી કુંદકુંદ કહાન મુમુક્ષુ મંડળ, અમદાવાદ દ્વારા
## અધ્યાત્મતીર્થ શ્રી સુવર્ણપુરીમાં વિશેષ આનંદોલ્લાસ સહ સંપન્ન
## પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબેનનો ૮૭મો
# ❀ સમ્યક્ત્વજયંતી મહોત્સવ ❀

આ સમ્યક્ત્વજયંતી મહોત્સવ પૂજ્ય ગુરુદેવશ્રીની પવિત્ર સાધનાભૂમિ અધ્યાત્મ-અતિશયક્ષેત્ર સુવર્ણપુરી (સોનગઢ)માં તા. ૨૬-૩-૨૦૧૯ થી ૩૦-૩-૨૦૧૯ સુધી પંચદિવસીય સમારોહપૂર્વક ભક્તિભાવપૂર્વક ઊજવવામાં આવ્યો હતો.

**✻ ઉત્સવનો દૈનિક કાર્યક્રમ ✻**

આ મંગલ મહોત્સવમાં પ્રતિદિન ક્રમશઃ સવારે પૂજ્ય ગુરુદેવશ્રી તથા પૂજ્ય બહેનશ્રીનું માંગલિક, પૂજ્ય બહેનશ્રીની વિડિયો—ધર્મચર્ચા, પરમાગમમંદિરમાં શ્રી જંબૂદ્વીપ શાશ્વત જિનમંદિર-જિનબિંબ પૂજન વિધાન, વિવિધ બેનરોથી શોભિત મંડપમાં પૂજ્ય ગુરુદેવશ્રીનું 'શ્રી સમયસાર' ઉપર સીડી પ્રવચન, પૂજ્ય બહેનશ્રીની વિશેષ ભક્તિ, ધાર્મિક શિક્ષણવર્ગ, બપોરે સમાગત વિદ્વાનો દ્વારા શાસ્ત્ર પ્રવચન, સમૂહ જિનેન્દ્રભક્તિ (સાંજી-ભક્તિ), ધાર્મિક શિક્ષણવર્ગ, રાત્રે પૂજ્ય ગુરુદેવશ્રીનું 'બહેનશ્રીનાં વચનામૃત' ઉપર પ્રવચન તથા સાંસ્કૃતિક કાર્યક્રમ વગેરે ગતિવિધિઓપૂર્વક દૈનિક ક્રમ ચાલતો હતો. ઉત્સવના બધા જ કાર્યક્રમોમાં મુમુક્ષુઓએ ઘણા જ ઉત્સાહથી લાભ લીધો હતો.

**✻ પૂજ્ય બહેનશ્રીની વધાઈ ✻**

તા. ૩૦-૩-૨૦૧૯ને શનિવારના દિવસે મંડપમાં પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રીના ચિત્રપટ સમક્ષ તેમની મંગલ વધાઈનો વિશેષ કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. આ વિશેષ કાર્યક્રમમાં બધા મુમુક્ષુ ભાઈઓએ ઉત્સાહથી ભાગ લીધો હતો. આ પ્રસંગે વઢવાણ ભજન મંડળીએ મધુર ભક્તિ-ગીતોથી વાયુમંડળને ભક્તિમય તથા અત્યંત રોચક બનાવી દીધું હતું.

શ્રી કુંદકુંદ કહાન મુમુક્ષુ મંડળ, અમદાવાદ દ્વારા ભોજન વ્યવસ્થા તથા આવાસ વ્યવસ્થા સુંદર રીતે કરી હતી.

---

## પૂજ્ય ગુરુદેવશ્રીની ૧૩૦મી જન્મજયંતીની મંગલ પત્રિકા લેખનવિધિ સંપન્ન

પરમોપકારી પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીની ૧૩૦મી જન્મજયંતી મહોત્સવની નિમંત્રણ પત્રિકા લેખનવિધિ તા. ૨૯-૩-૨૦૧૯, શુક્રવારના રોજ સાનંદ સંપન્ન થઈ હતી. સવારે વિધાન પૂજન બાદ પૂજ્ય ગુરુદેવશ્રીનું સીડી પ્રવચન થયું હતું ત્યારબાદ સર્વે મુમુક્ષુ ભાઈ-બહેનો બ્ર. ગુણીબેન અજમેરાના નિવાસસ્થાને ગયા હતા. તેમના નિવાસસ્થાને વધામણા સહ ભક્તિ કરવામાં આવી હતી. ત્યારબાદ ત્યાંથી વાજતે-ગાજતે ભક્તિભાવ સાથે મંગલ પત્રિકા મંડપમાં લાવવામાં આવી હતી. મહોત્સવ આયોજક શ્રી અખિલ સૌરાષ્ટ્ર મુમુક્ષુવૃંદ વતી શ્રી હિરેનભાઈ રમેશચંદ્ર શાહ, સુરેન્દ્રનગર દ્વારા પત્રિકાનું ભાવભક્તિસહ વાંચન કરવામાં આવ્યું હતું. ત્યારબાદ પત્રિકાની લેખનવિધિ મુમુક્ષુઓની ઉપસ્થિતિમાં ભક્તિસહ સાનંદ સંપન્ન થઈ હતી. પત્રિકા લેખન માટે સૌરાષ્ટ્ર, ગુજરાત આદિ જગ્યાએથી ઘણા મુમુક્ષુઓ પધાર્યા હતા.

## સુવર્ણપુરી સમાચાર :—

અધ્યાત્મતીર્થ સુવર્ણપુરીનું ધાર્મિક વાતાવરણ અનંત ઉપકારમય પૂજ્ય સદ્‌ગુરુદેવશ્રી કાનજીસ્વામી તેમજ તેમના પરમ અનન્ય ભક્ત પૂજ્ય બહેનશ્રી ચંપાબેનના કલ્યાણવર્ષી પુણ્ય પ્રતાપે, આશીર્વાદથી દેવ-ગુરુ-શાસ્ત્રની ધર્મની આરાધનામય રહે છે. તથા પં.રત્નશ્રી હિંમતભાઈ જે. શાહે બનાવેલા સુમધુર કાવ્યોથી વાતાવરણ ભક્તિમય રહે છે :—

| | | |
|---|---|---|
| પ્રાત : ૬-૦૦ થી ૬-૨૦ | : | પૂજ્ય બહેનશ્રીના નિવાસસ્થાને તેઓશ્રીની ધર્મચર્ચાની ઑડિયો-ટેપ |
| પ્રાત : ૭-૪૫ થી | : | શ્રી જિનેન્દ્ર પૂજા |
| સવારે ૮-૩૦ થી ૯-૩૦ | : | શ્રી સમયસાર ઉપર (૧૭મી વારના) પૂજ્ય ગુરુદેવશ્રીનું **CD** પ્રવચન |
| બપોરે ૩-૦૦ થી ૪-૦૦ | : | શ્રી નિયમસાર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું **CD** પ્રવચન |
| બપોરે ૪-૦૦ થી ૪-૩૦ | : | શ્રી જિનેન્દ્ર ભક્તિ |
| રાત્રે ૮-૦૦ થી ૯-૦૦ | : | પરમાત્મપ્રકાશ ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું **CD** પ્રવચન |

### * પૂજ્ય બહેનશ્રીની પંચાહ્નિક ઉપકાર-સ્મૃતિ *

ઉપકારમૂર્તિ સ્વાનુભવવિભૂષિત ભગવતી પૂજ્ય બહેનશ્રી ચંપાબેનની સાંવત્સરિક ઉપકાર સ્મૃતિદિન વૈશાખ સુદ ૧૪ તા. ૧૭-૫-૨૦૧૯ થી વૈશાખ વદ ૩, તા. ૨૧-૫-૨૦૧૯ સુધી—પાંચ દિવસ, સુવર્ણપુરીમાં શ્રી પંચપરમેષ્ઠી મંડલ વિધાન પૂજા તથા સ્વાનુભૂતિમાર્ગ-પ્રકાશનરૂપ અનેક ઉપકારોના ભાવભીના સ્મરણપૂર્વક વિરહવેદનાના ઉદાસીભર્યા વાતાવરણમાં વિવિધ જ્ઞાનોપાસનાપૂર્વક સાદગીથી મનાવવામાં આવશે.

### * શ્રી સમવસરણ મંદિરનો ૭૮મો વાર્ષિક પ્રતિષ્ઠા દિવસ *

વૈશાખ વદ ૬ તા. ૨૪-૫-૨૦૧૯, શુક્રવારના રોજ સોનગઢ શ્રી સમવસરણ મંદિર પ્રતિષ્ઠાનો ૭૮મો વાર્ષિક દિવસ પૂજા ભક્તિના વિશેષ કાર્યક્રમ સહ મનાવવામાં આવશે.

### * શ્રી સ્વાધ્યાયમંદિર ઉદ્‌ઘાટન તથા સમયસાર સ્થાપનાનો વાર્ષિક દિવસ *

વૈશાખ વદ ૮ તા. ૨૭-૫-૨૦૧૯, સોમવારના રોજ શ્રી સ્વાધ્યાયમંદિર ઉદ્‌ઘાટન તથા સમયસાર સ્થાપનાનો ૮૨મો વાર્ષિક દિવસ પૂજા ભક્તિના વિશેષ કાર્યક્રમ સહ મનાવવામાં આવશે.

### * શ્રુતપંચમી પર્વ *

જેઠ સુદ ૫, તા. ૭-૬-૨૦૧૯, શુક્રવારના દિવસે શ્રુતપંચમી પર્વ શ્રી ષટ્‌ખંડાગમ જિનવાણીની પૂજા-ભક્તિના વિશેષ સમારોહપૂર્વક ઊજવવામાં આવશે.

## (૭૦)

# પ્રૌઢ વ્યક્તિઓ માટેના પ્રશ્ન

(૧) વર્તમાન તીર્થંકરના પિતા (૧) .......ૉ......... (૨)............... ગતિમાં છે.

(૨) વર્તમાન તીર્થંકરની માતા ............... ગતિમાં છે.

(૩) નવ નારાયણ નિયમથી ................ ગતિમાં જાય છે.

(૪) નવ પ્રતિનારાયણ નિયમથી ............. ગતિમાં જાય છે.

(૫) નવ બળભદ્ર નિયમથી .............. અથવા ............ ગતિમાં જાય છે.

(૬) ૧૨ ચક્રવર્તી .............., .............. અથવા ............. ગતિમાં જાય છે.

(૭) ૨૪ કામદેવ નિયમથી ............ અથવા .............. ગતિમાં જાય છે.

(૮) ૧૪ કુલકર .............. ગતિમાં જાય છે.

(૯) નવ નારદ ............... ગતિમાં જાય છે.

(૧૦) ૧૧ રુદ્ર ............... ગતિમાં જાય છે.

(૧૧) રામચંદ્રજી .............. ગતિમાં છે.

(૧૨) લક્ષ્મણજી (નારાયણ) ................. ગતિમાં છે.

(૧૩) કૃષ્ણ (નારાયણ) ................... ગતિમાં છે.

(૧૪) ભરતજી (રામચંદ્રજીના ભાઈ) ............. ગતિમાં છે.

(૧૫) દ્રૌપદી ............. ગતિમાં છે.

(૧૬) શત્રુઘ્ન (રામચંદ્રજીના ભાઈ) .................. ગતિમાં છે.

(૧૭) ગજસુકુમાર (શ્રીકૃષ્ણના ભાઈ) ............... ગતિમાં છે.

(૧૮) કંસ (શ્રીકૃષ્ણના મામા) ............. ગતિમાં છે.

(૧૯) સીતાજી .................. ગતિમાં છે.

(૨૦) લવ અને કુશ (રામચંદ્રજીના પુત્ર) .............. ગતિમાં છે.

## (૭૦)

## બાળકો માટેના પ્રશ્નોત્તર

(૧) પૂજ્ય ગુરુદેવશ્રી વિદેહક્ષેત્રમાં ......................... નામના રાજપુત્ર હતા.

(૨) પરમ પૂજ્ય ગુરુદેવશ્રીનો છેલ્લો મંત્ર ............................... હતો.

(૩) પરમ પૂજ્ય સદ્ગુરુદેવશ્રીએ ................... શાસ્ત્ર ઉપર ૧૯વાર પ્રવચન કર્યા હતા.

(૪) પૂજ્ય ગુરુદેવશ્રી ભક્તોને શાસ્ત્રમાં લાલ અક્ષરથી.......................... લખી આપતા હતાં.

(૫) પરમ પૂજ્ય સદ્ગુરુદેવશ્રીએ પરિવર્તન ................ ગામે કર્યું હતું.

(૬) જે ભાવે તીર્થંકર ગોત્ર બંધાય તે ભાવ .................. છે.

(૭) અવગાહન હેતુત્વ ..................... દ્રવ્યનો વિશેષ ગુણ છે.

(૮) પૂજ્ય ગુરુદેવશ્રીએ .............................. શાસ્ત્રનો સાતમો અધિકાર પોતાની હાથે પેન્સિલથી લખી લીધો હતો.

(૯) ................ આંકડો અફર છે.

(૧૦) દામનગરમાં સંવત ૧૯૭૮માં સમયસાર હાથમાં આવ્યું ત્યારે પૂજ્ય ગુરુદેવશ્રીએ કહ્યું હતું કે આ શાસ્ત્ર................ થવાનું છે.

**(અ) નીચે આપેલ ૧૦ ગામોની સામે મહાપુરુષના નામથી જોડકા બનાવો.**

| | | |
|---|---|---|
| (૧૧) | વિદેહક્ષેત્ર .................................. | ઋષભદેવ ભગવાન |
| (૧૨) | ગિરનારજી .................................. | પારસનાથ ભગવાન |
| (૧૩) | ચંપાપુરી..................................... | મહાવીર ભગવાન |
| (૧૪) | બનારસ(કાશી)............................ | રામચંદ્ર ભગવાન |
| (૧૫) | કૈલાસગિરિ.................................. | કાનજીસ્વામી |
| (૧૬) | પાવાપુરી ................................... | શ્રીમદ્ રાજચંદ્ર |
| (૧૭) | માંગીતુંગી................................... | શ્રી કુંદકુંદાચાર્ય |
| (૧૮) | પોન્નૂર....................................... | શ્રી સીમંધર ભગવાન |
| (૧૯) | સોનગઢ ..................................... | વાસુપૂજ્ય ભગવાન |
| (૨૦) | વવાણીયા.................................... | નેમિનાથ ભગવાન |

## પ્રૌઢ માટેના આપેલ પ્રશ્ન એપ્રિલ–૨૦૧૯ના ઉત્તર

| | | | | | |
|---|---|---|---|---|---|
| (૧) | હા | (૮) | હા | (૧૫) | ના |
| (૨) | હા | (૯) | ના | (૧૬) | હા |
| (૩) | ના | (૧૦) | ના | (૧૭) | ના |
| (૪) | હા | (૧૧) | હા | (૧૮) | હા |
| (૫) | ના | (૧૨) | હા | (૧૯) | હા |
| (૬) | ના | (૧૩) | હા | (૨૦) | હા |
| (૭) | હા | (૧૪) | હા | | |

## બાળકો માટેના આપેલ પ્રશ્ન એપ્રિલ – ૨૦૧૯ના ઉત્તર

(૧) ભગત
(૨) ૧૯
(૩) પારસનાથ
(૪) હીરાચંદજી
(૫) ૧૩
(૬) ફાગણ – દસમ
(૭) (૧) મલ્લિનાથ
(૨) મુનિસુવ્રત
(૩) મહાવીર

(૮) મોક્ષમાં
(૯) (૧) અરિહંત
(૨) સિદ્ધ
(૧૦) (૧) બ્રાહ્મી
(૨) સુંદરી
(૧૧) ૪૦
(૧૨) અંજનચોર
(૧૩) પ્રદેશ
(૧૪) ૧૩૦

(૧૫) વસ્તુત્વ
(૧૬) મંદોદરી
(૧૭) ૧૦ – શ્રી સ્વયંભૂ
(૧૮) લક્ષ્મણ
(૧૯) અનુજીવી
(૨૦) કુંડલપુર

# પૂજ્ય ગુરુદેવશ્રીનાં હૃદયોદ્ગાર

● હું પૂર્ણાનંદનો નાથ જ્ઞાયક પ્રભુ છું, એમ જ્ઞાયકના લક્ષે જીવ સાંભળે છે. તેને સાંભળતા પણ લક્ષ જ્ઞાયકનું રહે છે. તેને ચિંતવનમાં પણ હું પરિપૂર્ણ જ્ઞાયક વસ્તુ છું એમ જોર રહે છે તે જીવને સમ્યક્ સન્મુખતા રહે છે. મંથનમાં પણ લક્ષ જ્ઞાયકનું રહે છે. આ ચૈતન્યભાવ પરિપૂર્ણ વસ્તુ છે એમ એના જોરમાં રહે છે, તેને ભલે હજું સમ્યગ્દર્શન ન થયું હોય. જેટલું કારણ આપવું જોઈએ તેટલું કારણ ન આપી શકે તોપણ તે જીવને સમ્યક્ની સન્મુખતા થાય છે. એ જીવને અંદર એવી લગની લાગે કે હું તો જગતનો સાક્ષી છું. જ્ઞાયક છું. એવા દૃઢ સંસ્કાર અંદરમાં પાડે કે જે સંસ્કાર ફરે નહીં. જેમ સમ્યગ્દર્શન થતાં અપ્રતિહતભાવ કહ્યો છે તેમ સમ્યક્ સન્મુખતાના એવા દૃઢ સંસ્કાર પડે કે તેને સમ્યગ્દર્શન થયે જ છૂટકો. ૩૫૯.

● પ્રશ્ન :—સમ્યગ્દૃષ્ટિને શુદ્ધ આત્માનો વિચાર ઉપયોગમાં ચાલે તે જ શુદ્ધ ઉપયોગ છે ને ?

ઉત્તર :—ના. શુદ્ધ આત્માનો વિચાર ચાલે એ શુદ્ધ ઉપયોગ નથી. એ તો રાગ મિશ્રિત વિચાર છે. શુદ્ધ આત્મામાં એકાગ્ર થઈ નિર્વિકલ્પ ઉપયોગરૂપ પરિણામ થાય તે શુદ્ધ ઉપયોગ છે. જેમાં જ્ઞેય-જ્ઞાન-જ્ઞાતાના ભેદ છૂટીને એકલો અભેદરૂપ ચૈતન્યગોળો અનુભવમાં આવે છે તે શુદ્ધ ઉપયોગ છે. ૩૬૦.

● ક્રિયાકાંડની દૃષ્ટિવાળાને એમ લાગે કે સમયસાર સાંભળે છે પણ કોઈ આગળ વધતાં નથી. બાહ્ય ત્યાગ-તપ-વ્રત આદિ ક્રિયા કરે તો તેને આગળ વધ્યા દેખાય. પણ ભાઈ ! સમયસાર સાંભળીને પરદ્રવ્યની ભિન્નતા, પરદ્રવ્યનું અકર્તાપણું રાગાદિ ભાવોમાં હેયબુદ્ધિ ને અંદર પડેલી પરમાત્મશક્તિનું ઉપાદેયપણું નિરંતર એના શ્રદ્ધા-જ્ઞાનમાં ઘૂંટાય છે, એ એના શ્રદ્ધા-જ્ઞાનનો સુધારો થાય છે તે આગળ વધ્યા નથી ? અંદર શ્રદ્ધાજ્ઞાનમાં સત્યના સંસ્કાર પડે છે તે આગળ વધે છે. શ્રદ્ધા-જ્ઞાનને સાચા કર્યા વિનાના ત્યાગ-તપ-વ્રત આદિ કરે છે તેને આત્માનુશાસનકાર તો કહે છે કે આત્મભાન વિનાનો બાહ્ય ત્યાગ આદિ છે તે અજ્ઞાનીને અંતરંગ બળતરા છે. અંતરંગ મિથ્યાત્વના ત્યાગ વિનાના બાહ્ય ત્યાગને સાચો ત્યાગ કહેતા નથી. અંદરમાં શ્રદ્ધા-જ્ઞાન-સ્વરૂપાચરણ ચારિત્રમાં જે સુધારો થાય છે તે જ સાચો સુધારો છે પણ બાહ્ય દૃષ્ટિના આગ્રહવાળાને તે દેખાતા નથી. ૩૬૧.

આત્મધર્મ
મે-૨૦૧૯
અંક-૯ ● વર્ષ-૧૩

Posted at Songadh PO
Publish on 1-5-2019
Posted on 1-5-2019

Registered Regn. No. BVR-367/2018-2020
Renewed upto 31-12-2020
RNI Registration No. GUJGUJ/2006/18667
વાર્ષિક લવાજમ રૂા. ૯/- આજીવન લવાજમ રૂા. ૧૦૧/-




**Printed & published by Hasmukhbhai Popatlal Vora on behalf of shri Digambar Jain Swadhyay Mandir Trust and Printed at Kahan Mudranalay, Jain Vidhyarthi Gruh, At-Songadh Pin-364250 and published from Shri Digambar Jain Swadhyay Mandir Trust At-Songadh, Ta. sihor, Dist. Bhavnagar Pin-364250.**

**Editor : Anantrai Vrajlal Shah.**

If undelivered Please return to :—
Shri Dig. Jain Swadhyay Mandir Trust
**SONGADH**-364 250 (INDIA)
Phone No. (02846) 244334
Fax (02846) 244662

**www.kanjiswami.org**
**email : contact@kanjiswami.org**